TITLE CODE: GUJGUJ 15959

# ધી ઓપન પેજ

SINCE - 1968

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક


EDITOR: ARCHIT LABUBHAI BHATT

MONTHLY NEWS PAPER

Vol.No-1, Issue No-6 | Ahmedabad, Tuesday 05/01/2016 | www.theopenpage.co.in | Page -12 | Price: ₹30/- | Annual Subsription: ₹360/-


Place of Publication: Tripada Education Trust Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad - 380061 • Phone No. 079-27621385/86

## આ અંકમાં શું વાંચશો?



'જેનાં ડબ્બામાં પૌષ્ટિક નાસ્તો હશે તેને ખાસ માર્ક્સ મળશે'

શિક્ષણ ૨



ઉત્તરાયણના દિવસનું આકાશ એટલે જાણે પતંગોનો મેળો!

પર્વ ૩



૨૬મી જાન્યુઆરી ગણતંત્ર દિવસના રૂપમાં ઉજવાય છે

ગણતંત્ર દિવસ ૪



બાળકોને માત્ર શિક્ષણ નહિ પરંતુ જીવન શિક્ષણ મળે

પ્રેરણા ૫



રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનું રાજ્યપાલ કોહલીજી દ્વારા સન્માન

એજ્યુકેટર્સ એવોર્ડ સમારંભ ૬-૭



વિદ્યાર્થીઓ દ્વારા આવનારું વર્ષ કેવું રહે તે વિષય પર બાળકોએ તેમનો પ્રતિભાવ આપ્યો હતો

સ્ટુડન્ટ રિપોર્ટર્સ ક્લબ ૧૨

The Open Page
Inspired Learning
SINCE - 1968

લવાજમ ફોર્મ

MORE DETAILS p8

# આજનું શિક્ષણ પરીક્ષાલક્ષી અને નોકરીલક્ષી બની ગયું છે?

## શિક્ષણ માત્ર શાળા કે ઓરડાઓ વધારવાથી ન થાય આપણે શિક્ષણને સર્વ માટે પ્રાપ્ય બનાવવું જોઈએ



જેણે વિદ્યા દ્વારા વિનય મેળવ્યો છે તે જ રાજા પ્રજામાં વિનય પ્રસ્થાપિત કરી શકે છે તે બધાના હિતમાં તત્પર રહેતો હોવાથી શત્રુ વગરનો થઈ આ પૃથ્વી પર રાજ કરે છે.

આપણે બધા જ્યારે શિક્ષણનો વિકાસ થયો ત્યારે સાચી વ્યાખ્યા સમજતા નથી. 'We confuse, growth and development''વૃદ્ધિ અને વિકાસની આપણે ભેળસેળ કરી નાખીએ છીએ. બે વચ્ચે તફાવત સમજવો જોઈએ. આપણે જેને વિકાસ કહીએ છીએ. તે સાચા અર્થમાં વિકાસ નહીં પણ વૃદ્ધિ છે. વરસાદ પડેને ઘાસ ઉગે તે વિકાસ નહિ વૃદ્ધિ કહેવાય. પરંતુ જો માળી બાગમાં સરસ લોન ઉગાડે તો તેને વિકાસ કર્યો કહેવાય. દરેક વૃદ્ધિ એ વિકાસ નથી. પરંતુ જ્યારે દરેક વૃદ્ધિ સમતુલિત હોય, સમભાવનાયુક્ત હોય, સદ્ભાવનાયુક્ત હોય, સહિષ્ણાતાયુક્ત હોય અને સંવાદિત હોય ત્યારે વૃદ્ધિ વિકાસ બને છે. આ બધા વિકાસના આવશ્યક ઘટકો છે. શિક્ષણ એ વિકાસ છે. શિક્ષણ માત્ર શાળા કે ઓરડાઓ વધારવાથી ન થાય આપણે શિક્ષણને સર્વ માટે પ્રાપ્ય બનાવવું જોઈએ. અદૃષ્ટ ભાવનાઓને જોઈ શકે અને અશ્રુત સંવેદનાઓને સાંભળી શકે તે જ સાચું શિક્ષણ.

શાળાની ચાર દિવાલો વચ્ચે માત્ર શિક્ષક વક્તા હોય, અને વિદ્યાર્થી શ્રોતા બની રહે એવું શિક્ષણ શુષ્ક, કંટાળાજનક અને ગેરશિસ્તભર્યું બની જાય છે. અભ્યાસક્રમો, વર્ગશિક્ષણ અને પરીક્ષણ દ્વારા વિદ્યાર્થીના મગજમાં ઠાંસી ઠાંસીને માહિતી ભરવાનો પ્રયાસ થાય છે. આજનું શિક્ષણ પરીક્ષાલક્ષી અને નોકરીલક્ષી બની ગયું છે.

કેટલીક શાળા કોલેજોમાં સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સ્પર્ધા યોજાય છે. જે આવકાર્ય છે. શિક્ષણને વ્યવહારમાં મૂકવા અને સમાજ સાથે વિદ્યાર્થીનો નાતો સંગીન બનાવવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ "રામબાણ" ઈલાજ છે. વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી મનુષ્યમાત્ર કંઈક જાણે આનંદ પ્રાપ્ત કરે અને માનસિક ઉન્નતિ થાય, તનાવરહિત જીવન જીવવાની કળા હસ્તગત થાય ખરેખર સાંસ્કૃતિક પોષક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીની કેળવણીની બુનિયાદી છે.

કન્યા-કેળવણીની ક્ષિતિજો વધારવાના આજે પ્રયત્નો થઈ રહ્યા છે તે દિશામાં જાગૃત આચાર્ય નોંધપાત્ર ભૂમિકા ભજવી શકે છે. ધનપતિઓના સહકારથી તે કન્યાઓના શિક્ષણને વેગ આપીને નવા-નવા ક્ષેત્રો ખેડવાની તેમને પ્રેરણા મળી શકે છે. વિવિધક્ષેત્રે સિદ્ધિ મેળવનાર મહિલાઓના સન્માનના અવસરો યોજી નવી પેઢી માટે પ્રોત્સાહક પેદા કરી શકે છે.

બીકના પાયા પર કેળવણીનું મંડાણ કરવું એ તો જોખમનો માર્ગ છે. બીકમાંથી બાળક હંમેશા અસત્યનો અને દંભનો આશ્રય લેવા માગે છે. બાળક પ્રત્યે તમારો પ્રેમ હોય કે તેમા સ્પષ્ટ દૃષ્ટિ રહેલી હોય તે દૃઢ હોય છતા કોમળ હોય તમારામાં આવો પ્રેમ અને પૂરતું વ્યવહારુ જ્ઞાન હશે તો તમારી અને બાળકની વચ્ચે એક વિશ્વાસની ગાંઠ બંધાશે.



**શ્રીમતી અતિયા સૈયદ**
**આચાર્ય, શ્રી.કે.જે. મહેતા કોલેજ ઓફ પ્રિ-પ્રાયમરી એજ્યુકેશન વિદ્યામંદિર ટ્રસ્ટ, પાલનપુર**

ધી ઓપન પેજ




'ધી ઓપન પેજ' વતી વાંચકોને નવા વર્ષના ખુબ ખુબ અભિનંદન!

**તંત્રી, શ્રી અર્ચિત ભટ્ટ**

# શિક્ષણ ક્ષેત્રે પદ્મિલની એક અનોખી સિદ્ધિ

ત્રિપદા ડે સ્કૂલનો વિદ્યાર્થી, પદ્મિલ નાયકે બોર્ડની સેમેસ્ટર ૩ની પરીક્ષામાં એક મહાન સફળતા હાસલ કરી છે. પદ્મિલે ધોરણ ૧૦માં વિજ્ઞાન પ્રવાહમાં ૯૯.૯૯ પરસન્ટાઇલ સાથે પ્રથમ સ્થાન મેળવ્યું છે. સૌથી મહત્વપૂર્ણ વાત તો એ છે કે પદ્મિલ ધોરણ ૧૦ સુધી ગુજરાતી માધ્યમની શાળામાં ભણતો હતો. અને ધોરણ ૧૧થી તેણે અંગ્રેજી માધ્યમમાં એડમિશન લીધું હતું. તે છતા પદ્મિલે કોઇ પણ ભય અથવા લઘુતાગ્રંથિ વગર ખૂબજ પૂરજોશથી મહેનત કરી. પદ્મિલે કોઇપણ વધારાના કોંચીગ વગર આ ખ્યાતિ પ્રાપ્ત કરી છે. પદ્મિલે ખાનગી ટ્યુશનને મહત્વ ન આપતા વિદ્યાર્થીઓ સમક્ષ ખૂબ મોટુ ઉદાહરણ આપ્યું છે. પદ્મિલ શિક્ષણ ક્ષેત્રે એક અનોખી સિદ્ધિ પ્રદાન કરી છે. તે વતી ત્રિપદા સ્કૂલ તેમના આગામી શૈક્ષણિક વર્ષ અને ઉજ્જવળ ભવિષ્ય માટે આશા કરે છે.



# એક પુત્રી, એક વૃક્ષ અને એક શિક્ષક

મને જાણીને આનંદ થયો કે દિકરીનાં જનમ પર એક વૃક્ષ વાવવું જોઈએ એવી મારી ટ્વીટ ઘણા લોકોને પસંદ પડી. પર્યાવરણની રક્ષા માટે તમને રસ પડે છે એ વાત સરાહનીય છે. તમને આ બાબતમાં રસ પડે છે તો ચાલો હું તમને બાગકામ કે ખેતકામ કરતી વખતે પાણીની બચત કેવી રીતે થઈ શકે તે અંગેની એક સરસ ટીપ આપું.

ગ્લેઝ કર્યા વિનાનું એક માટલું લો, તેમાં પાણી ભરીને ઢાંકી દઈને તેને વૃક્ષ કે છોડનાં મૂળિયા પાસે જમીનની અંદર મૂકી દો. એકાદ અઠવાડિયા સુધી તમારે છોડને પાણી પાવાની જરૂર નહિ રહે. . માટલું ટપક સિંચાઈનાં એક સાધન તરીકે કામ કરશે. યાદ રાખો, તમારે માટલામાં કાણા પાડવાની જરૂર નથી. અને હજી વધારે સારું પરિણામ મેળવવું હોય તો માટીથી વાસણ ઘસ્યા બાદ જે પાણી વધ્યું હોય તે પાણી માટલામાં ભરી દો. આ પધ્ધતિનો ઉપયોગ ગુજરાતનાં ઘણા ભાગોમાં થાય છે. જો આપણે સંકલ્પ કરીએ તો આટલું નાનું કામ ઘણું મોટું પરિણામ આપી જાય છે.

મને એક બીજો હૃદયસ્પર્શી પ્રસંગ યાદ આવે છે. કોઈકે એકવાર મને પત્ર લખીને આ પ્રસંગ જણાવ્યો હતો. પ્રસંગ છે સૌરાષ્ટ્રનાં વેરાવળ નજીકનાં એક ગામનો. ગામની એક શાળાનાં શિક્ષક અને વિદ્યાર્થીઓ દ્વારા વૃક્ષો વાવવા માટે એક અનોખો પ્રયોગ કરવામાં આવ્યો હતો. વિસ્તારમાં પાણીની અછત હતી એટલે ત્યાં વૃક્ષો માટે પાણી મેળવવાનો પ્રશ્ન હતો. એટલે શિક્ષકે વિદ્યાર્થીઓને તેમની માતા માટીથી વાસણો ઘસી લે પછી તે માટીવાળુ પાણી એક બોટલમાં ભરી લાવવાનું કહ્યું. પ્રત્યેક વિદ્યાર્થી દરરોજ માટીનાં પાણીવાળી એક બોટલ ઘેરથી લઈ આવવા માંડ્યો. શિક્ષકે વિદ્યાર્થીઓને આ જ પાણી ઝાડને પીવડાવવા માટે કહ્યું. દિવસો વીતતા ગયા અને શાળાની સામે એક લીલોછમ બગીચો તૈયાર થઈ ગયો. એક શિક્ષકનાં નાનકડા પ્રયોગે નકામા પાણીનાં ઉપયોગથી સૂકા પ્રદેશમાં હરિયાળી લાવી દીધી અને વળી આ પ્રયોગનાં માધ્યમથી શિક્ષકે વિદ્યાર્થીઓને પ્રકૃતિમાતા સાથે મિત્રતા કેળવવાનું પણ શીખવી દીધું. મને આ ઘટના ઘણી સ્પર્શી ગઈ. આશા છે કે તમને પણ એ સ્પર્શી જશે. પર્યાવરણની રક્ષા માટે આ પ્રકારની ટીપ્સ અને પ્રયોગોની જાણકારી પરસ્પર આપતા રહીએ. ચાલો આપણે સૌ પર્યાવરણની જાળવણીમાં આપણો ફાળો આપીએ.

# માણસના જીવનમાં સૌથી મૂલ્યવાન શું?: સમય

વિદ્યાર્થી મિત્રો...

જીવનમાં સૌથી મૂલ્યવાન શું? તમારો સમય.

કોઇ માણસ પોતાની સ્વ-કમાઇની સો રૂપિયાની નોટ બાળી નાખે તો? તમે એના માટે શું વિશેષણ વાપરશો?

હા, તે એ સો રૂપિયા બીજા કોઇ સારા કામમાં વાપરતો હોય, અગર પોતાના હિતમાં તેનો ઉપયોગ કરતો હોય તો આપણને તેને માટે ખરાબ અભિપ્રાય નહિ થાય પણ આ તો, તે જે કરે છે તે નર્યો બગાડ છે.

તમે નહિ માનો, પણ આવું તો અસંખ્ય માણસો કહે છે! અલબત પૈસાની બાબતમાં નહિ તેના કરતાંય વધુ મૂલ્યવાન બાબતમાં એ છે : 'સમય'.

તમારા જીવનમાં સમયથી અન્ય કશું મૂલ્યવાન નથી, કારણ? તમારું જીવન જ સમયનું બનેલું છે. સમય એજ તમારું જીવન છે. તમે ન હોય તો સમય તમારે માટે છે જ નહિ. તમે છો તો સમય તમારે માટે સર્વસ્વ છે. સમયના ગાળા વિના જીવન કલ્પી શકાતું નથી. બીજી એવી અનેક વસ્તુઓ છે કે તમે ગુમાવો તો પાછી મેળવી શકો છો. ગુમાવેલ પૈસા ફરી કમાઇ શકાય છે. બગડી ગયેલી તબિયત પાછી સુધારી શકાય છે. એવી અનેક બાબતની ઠીક ઠીક સંભાવનાઓ છે. પણ ગયેલો સમય પાછો ફરી મળે ખરો? એની તો કલ્પના જ શૂન્યવત્ છે.



એવી એ અમૂલ્ય ચીજ હજારો ને લાખો લોકો વ્યર્થ જવા દે છે. પરિણામે તેમનું જીવન પણ વ્યર્થ જાય છે. જેઓ સમયનો સદુપયોગ કરે છે તેમને પોતાનું જીવન તૃપ્ત અને સંતુષ્ટ નીવડે છે. જેઓ સમયનો ઉપયોગ પોતાના શ્રેષ્ઠ હિતમા કરતા નથી તેમનું જીવન રગશિયા ગાડા જેવું પસાર થાય છે. તેઓ હકીકતમાં જીવન જીવતાં નથી, માત્ર વરસો પસાર કરે છે.ઘણાને સમયની કિંમત સમજાતી નથી, તેનું કારણ છે. જે વસ્તુ અનાયાસે મળી જાય છે. તેનું મૂલ્ય આપણને પરખાતું નથી, પાણી મફતમાં મળે છે. માટે કેટલાય ઠેકાણે નળની ચકલી સતત ખુલ્લી રહે છે ને પાણી ધડધડાટ વહેતું ગટરમાં ચાલ્યું જાય તોય એ મકાનમાં માલિકનું રૂંવાડુંય ફરકતું નથી. પણ આરબોના દેશમાં પાણીના બે-પાંચ ટીપાંનો બગાડ પણ સહી શકાતો નથી. કારણ તેમને કે, તે આપણી માફક સરળતાથી સાંપડતું નથી. તમે કોઇ આરબને ત્યાં મળવા જાઓ તો પાણી પ્યાલામાં ભરીને આપશે. ત્યાં તમે પાણીનું ટીપું પણ બગાડી શકતા નથી.

આપણે સમયનું મૂલ્ય બરાબર પારખીએ તો તેને બગાડ થતો જરૂર અટકાવીશું. જીવનમાં કંઇ પણ સિદ્ધ કરવું હશે તો સમયનો દુરુપયોગ જરાય પાલવશે નહિ, કોઇ સિદ્ધ માણસને તે પાલવ્યું નથી.

**કુશળ પ્લાનિંગ કોને કહેવાય?**

માણસની સફળતામાં ઘણી બાબતો ભાગ ભજવે છે. તેમાં એક મહત્વની બાબત સમય ગણાય છે. કાર્યક્ષમતાનો સીધો સબંધ છે, સમયના શ્રેષ્ઠ ઉપયોગ સાથે શું શ્રીમંત કે શું ગરીબ, શું ભણેલો કે શું અભણ, શું ગુજરાતી કે શું મહારાષ્ટ્રીયન દરેક વ્યક્તિને એક બાબતમાં સમાન પણે લાભ મળે છે. તે પથારીમાંથી બેઠો થાય છે કે તેને ચોક્કસ કલાકની દેણ મળે છે. એમાં કોઇ ભેદભાવ નથી, તેમ કોઇને ત્રેવીસ કલાક દહાડાનો અન્યાય થતો નથી. તો લાભ કે ગેરલાભ ક્યાં થાય છે? જે માણસ પોતાના સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે તે ખાસ્સો લાભ ખાટે છે. તેથી ઉલટું જે માણસને તે પ્રકારની સૂઝ હોતી નથી, તે માત્ર સમય પસાર કરે છે. સમય પસાર કરવો અને સમયનો વ્યય કરવો એ લગભગ એક જ બાબત છે. કેટલાક લોકો સમયનું મૂલ્ય સમજે છે. છતાંય તેમની આવી ફરીયાદો સાંભળવા મળે છે.

મને લાગે છે કે હું નજીવી ને નકામી બાબતોમાં ઠીક ઠીક સમય બગાડું છું. કેટલાક ઉપયોગી કામોનો વિચાર આવે છે. પણ તે થતો નથી, આમ ને આમ મારો ટાઇમ વહીજાય છે.

તમારે શું કરવું છે અગર તમે શું કરવા માંગો છો? તેનું સ્પષ્ટ ચિત્ર કદાચ તમે ઘડ્યું નહિ હોય. તમારી નજર સમક્ષ ચોક્કસ ધ્યેય ન હોય તો સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કઇ રીતે થઇ શકે? તમે શું કરવા ઇચ્છો છો, તે જ નક્કી ના હોય તો આ વરસે કે આ મહિને, કે આ દિવસે શું કરવા જેવું છે. તે કઇ રીતે કરાવી શકો?



**નિમિષાબેન સથવારા**
**આચાર્ય, ત્રિપદા હાઇસ્કૂલ, રત્નાપાર્ક, અમદાવાદ**

# પ્રગતિશીલ વિશ્વ તરફ એક દૃષ્ટિ

આજે જ્યારે વૈજ્ઞાનિક સ્તરે આપણે વિકાસ કરી રહ્યાં છીએ, ત્યારે તેમાં કેટલીક સમસ્યાઓ પણ ઉપસ્થિત થતી દેખાય છે. કુદરતી તથા માનવસર્જીત સમસ્યાઓ વિશ્વને માટે આડખેલીરૂપ બનતી હોય છે.

વર્તમાન સમય કેટલીક સમસ્યાઓનો ઉકેલ લાવવા માટે નબળું પડે તેમ બની શકે કેમ કે તે આર્થિક કે પ્રાદેશિક સંદર્ભમાં જ વિચારે છે. કેવળ શિક્ષણ જ એવું ક્ષેત્ર છે જ્યાં તટસ્થતાથી અને જરૂર પડે તો બુદ્ધિથી પણ ઉપર ઉઠીને, ઉત્તરો શોધવાનો પ્રયાસ થાય છે.

આપણે વિજ્ઞાનના કારણે નજીક આવતા જઇએ છીએ. પણ સમસ્યાઓ પણ તેના થકી એટલી જ ઉભી થાય છે. મનુષ્ય પોતાની ઓળખ ઉભી કરવા નાનાં સમૂહો બનાવે છે. અને પોતાની ઓળખ ટકાવવા માટે પ્રયત્ન કર્યા કરે છે. વ્યક્તિ પોતાના જૂથની ચિંતા કરતો હોવાથી જૂથવાદ ઉભા થાય છે અને પરિણામે ધર્મવાદ, જ્ઞાતિવાદ, પ્રવેશવાદ ઉભા થાય છે. તેમાંથી દુશ્મનાવટ અને વેરવૃત્તિ જન્મે છે. વિજ્ઞાન વિકસતું જઇ રહ્યું છે તેની સાથે સાથે કેટલીક વિનાશક અસરો પણ રાષ્ટ્ર પર, સમાજ પર પડતી જોવા મળે છે.

આજે પર્યાવણીય સમસ્યાઓ વધતી જઇ રહી છે તેના મૂળમાં માણસની લોભવૃતિ, સ્વાર્થવૃતિ છે. તો સાથે માનવી પ્રકૃતિનું શોષણ પણ કરતો જઇ રહ્યો છે.

આપણી કુટુંબ વ્યવસ્થા પણ કારણભૂત છે. આજના સમયમાં પતિ-પત્ની બંને કામ પર જતાં હોવાથી બાળ ઉછેર મોટી સમસ્યારૂપ બની છે. સંયુક્ત કુટુંબનો વિચ્છેદ થતો જઇ રહ્યો છે. કુટુંબો નાના બનતા જઇ રહ્યાં છે. અને તેથી બાળકો પર વિકૃત અસરો થતી પણ જોવા મળે છે. સમાજ પર તેની મોટી અસર પડે છે.

નિષ્ક્રિયતા વધતી જઇ રહી છે. બાળકોના ઉછેર તરફ ધ્યાન ન રહેતા અશિસ્ત, ઉચ્છૃંખલતા મોટો ભાગ ભજવે છે. તેનું પરિણામ સમાજને ભોગવવું પડે છે. આને કારણે સમાજ અસ્વસ્થ બને છે. તેથી વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રને નુકશાન પહોંચે છે. તેની સામે લડવા માટે શિક્ષણને વિશિષ્ટ વલણવાળું બનાવવું જરૂરી બને છે.

આજે વૈશ્વિક શિક્ષણ આપવાનો સમય આવી ગયો છે. તેથી શિક્ષણ વૈશ્વિક માનસનું સર્જન કરે તે રીતે અપાતું હોવું જરૂરી છે. માણસના બધાં જ પાસાંઓ જેવાં કે શારીરિક, માનસિક, આધ્યાત્મિક, સામાજીક રીતે વિકાસ કરવાની તાતી જરૂર છે. તે માટે...

- બાળકની જિજ્ઞાસાવૃત્તિને ખીલવવી.
- બાળક સ્પર્ધાત્મક નહીં બલ્કે સકારાત્મક અભિકોણથી જુએ તે રીતે શિક્ષણ અપાવવું જોઈએ.
- બાળક સતત નવું શીખવાની વૃત્તિ કેળવે તે પ્રકારનું શિક્ષણ અપાતું હોવું જોઇએ, તેના વિચારો પર સતત ચિંતન કરે, પૃથ્યકરણ કરે, તેમાંથી સમજ વિકસાવે અને તેની સમજ તથા ડહાપણ વિકસાવી શકે. અને તો જ સર્વાંગી સજાગ વ્યક્તિ તરીકે તે આગળ વધી શકશે.
- તેનામાં સમતોલપણું કેળવાય તે માટે તેને જીવન જીવવાની કલા-(આર્ટ ઓફ લીવીંગ)નું શિક્ષણ હસ્તગત થાય તે જોવાનું છે.
- બાળકને કામના વળતર સાથે કામનો આનંદ માણી શકે તે પણ જરૂરી છે. તે તેને શીખવવાનું છે.



આજે, આ એકવીસમી સદીને વિકાસને પંથે લઇ જવા માટે બાળકને સ્વસ્થ, સુંદર બનાવવા માટે સ્વસ્થ આનંદમય શિક્ષણ આપવું જ પડશે અને તો જ એક સ્વયં વિકાસના માર્ગને વેગ મળશે અને સ્વચ્છ, શુદ્ધ વિકાસશીલ વિશ્વને પ્રગતિશીલ બનાવ્યાનો સંતોષ લઇ શકીશું ને સાચા અર્થમાં શિક્ષણ ભાર વિના ભાવવાળું બનાવી શકીશું.

**કુમુદલત્તા ભટ્ટ, ટ્રસ્ટી, ત્રિપદા એજ્યુકેશન ટ્રસ્ટ**

# 'જેનાં ડબ્બામાં પૌષ્ટિક નાસ્તો હશે તેને ખાસ માર્ક્સ મળશે'

અરે દેવાંગ ! આ તારો નાસ્તાનો ડબ્બો પાછો ભૂલી ગયો ? તારા દફ્તરમાં મૂકી દે. હમણાં વાનવાળાભાઈ આવી જશે... રાતે જરા વહેલો સૂઈ જતો હોય તો ! રોજ સવારમાં કેટલી ધમાલ પડે છે ? કાલે દૂધ પીવાનું ભૂલી ગયો હતો. બેટા ભૂખ્યા પેટે ભણવામાં મગજ ક્યાંથી ચાલે ? રોજ કાંઈને કાંઈ ભૂલી જ જાય છે... ઘરે આવતાં તો બપોરે બે અઢી થઈ જાય છે, ભૂખ્યા પેટે ચક્કર ન આવે ! લે... મૂકી દે આ ડબ્બો. ક્યાં ગયું તારું દફ્તર ?'

'મમ્મી ! મારે નાસ્તો નથી લઈ જવો. મને આવું ખાવાનું જરાય ગમતું નથી. આ શું રોજને રોજ થેપલા, શાક, ઢેબરા, છૂંદો, ઢોકળા ને હાંડવો નહીં તો મુઠીયા. મમ્મી હું આવું કશું ખાવાનો નથી... તને ખબર છે? બીજા છોકરાંઓ તો પાસ્તા, મેક્રોની, બર્ગર અને કેવો નાસ્તો લઈ આવે છે ? મને તો એમને ખાતાં જોઈ મોંમાં પાણી આવે છે, મારો ડબ્બો જોઈને તો ક્યારેક છોકરાંઓ મોં બગાડે છે ને નહીં તો મશ્કરી કરે છે... મને પણ રોજ એવો જ નાસ્તો લઈ જવો છે.'

'બેટા ! તે દિવસે સ્કૂલમાં મીટિંગમાં પ્રિન્સીપાલે શું કહ્યું હતું તેં સાંભળ્યું હતું ને ! તમારા ડબ્બા રોજ જોવાનાં છે, ને 'જેનાં ડબ્બામાં પૌષ્ટિક નાસ્તો હશે તેને ખાસ માર્ક્સ મળશે.' એવું કહ્યું હતું ને ! સ્કૂલના નિયમોનું તો પાલન કરવું જ જોઈએ ને !'

**આરોગ્યની દ્રષ્ટિએ એક ટંક પણ એવો પૌષ્ટિક અને સમતોલ ખોરાક ખાવાની ટેવ તો પાડવી જ પડશે ને !**

'મમ્મા ! એવું બધું ન હોય... બધા કંઈ એવું કરતાં નથી... એમને કોઈ કંઈ શિક્ષા કરતાં નથી...'

'પણ માર્ક્સ તો કપાતાં હશે ને !'

'કોને ખબર !'

'પણ બેટા ! રોજરોજ સવારનાં આટલા વહેલા આવું બધું બનાવવાનું મને ઓછું ફાવે ! મારેય જોબ પર વહેલા જવાનું હોય છે ને !'

'તો દાદીને કહે કરી આપે.'

'બેટા ! દાદીની ઉંમર કેટલી થઈ તને ખબર છે ? એમનાથી હવે બધું થાય ખરું ? એમને એવું કરવાનું કેવી રીતે કહેવાય !'

'એ હું કંઈ ન જાણું... પણ મા... હવે હું આવો સીધો સાદો નાસ્તો નથી જ લઈ જવાનો...' અને એમ ગુસ્સો કરતો કરતો દેવાંગ સ્કૂલે જવા નીકળ્યો.

ધોરણ ત્રણ-ચાર સુધી હજી બહુ વાંધો નથી આવતો પણ પાંચમામાં આવે અને કિશોરાવસ્થાને ઉંબરે છોકરાં પગ



મૂકે એટલે એમના જાતજાતનાં પ્રશ્નો ઊભા થાય છે. નાના હોય ત્યાં સુધી તો કહ્યું માને, ભણી પણ લે, હા, રમતિયાળ હોય... એ તો બાળક માટે સ્વાભાવિક જ પણ એ બધું સંભાળી શકાય તેવું હોય છે પણ કિશોરાવસ્થા શરૂ થતાં હોર્મોન્સમાં ફેરફાર થાય એની એના સ્વભાવ, વ્યક્તિત્વ, બધાં પર અસર થાય... એને 'ગમા' 'અણગમા' વધતાં જાય... બીજાં શું કહેશે ચાર મિત્રો વચ્ચે એનો વટ પડે એવુંય એને સતત મન થાય છે અને એટલે સ્કૂલના નિયમો, મમ્મી, પપ્પાની કે વડીલોની અનુકૂળતા આ બધાનું મહત્વ તેને મન ઓછું થઈ જાય છે. પણ... હજી એ નાદાન છે. 'પહેલું સુખ તે જાતે નર્યા' જીવનનું એ મહામૂલું સત્ય પણ આપણે એને સમજાવવું તો પડશે જ ને!

આજની આ ઊગતી પેઢીને દિવસમાં એક વાર પણ દાળ, ભાત, રોટલી ને શાક ખાતાં અકળામણ થાય છે. નાકનું ટેરવું ચડી જાય છે પણ આરોગ્યની દ્રષ્ટિએ એક ટંક પણ એવો પૌષ્ટિક અને સમતોલ ખોરાક ખાવાની ટેવ તો પાડવી જ પડશે ને ! આજે કેટકેટલા નાના લોકોને પણ કેવી કેવી બીમારીઓ, અરે ! હાર્ટની બીમારી, ડાયાબિટીસ, બ્લડપ્રેશર... આ બધાંમાંથી આપણે એમને બચાવવા જ પડશે ને ! આરોગ્ય માટે જરૂરી એવો શારીરિક શ્રમ તો તેઓ કરતાં જ નથી કારણ કે ટી.વી., ઈન્ટરનેટ, સેલફોન એ બધાંએ અફીણમાં ઘેનની જેમ તેમને બંધાણી કરી નાખ્યા છે. એટલું જ નહીં પણ ટી.વી.ના કાર્યક્રમોએ તો એમનાં મગજની શાંતિને પણ હણી લઈને સતત સ્ટ્રેસમાં જીવતાં કરી દીધાં છે. આપણાં આ સંતાનો એમનાં વ્યક્તિત્વનાં સર્વાંગી વિકાસ માટે અને ઉજ્જ્વળ કારકિર્દી બનાવવા માટે જરૂરી મહેનત ક્યા બળને આધારે કરી શકશે !



**ડો. ઊર્મિલા શાહ**
**ટ્રસ્ટી અને એક્ઝિક્યુટીવ કમિટી મેમ્બર, શારદા વિદ્યામંદિર**

**વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# ઉત્તરાયણના દિવસનું આકાશ એટલે જાણે પતંગોનો મેળો!



ગુજરાતનો અને પતંગનો નાતો સૂરજ અને અજવાળા જેવો છે. પતંગની વાત આવે એટલે ચાંદેદાર પતંગની જેમ યુવક-યુવતીઓ આકાશે ઉડવા માંડે. ઉત્તરાયણ એટલે રંગીન આકાશનો અને ઉલ્લાસના ઉછાળાનો તહેવાર. આ તહેવાર વરસોથી, યુગોથી ઉજવાતો આવ્યો છે.

આ તહેવાર પ્રતિવર્ષ પોષ મહિનામાં એટલે કે ૧૪મી જાન્યુઆરીના દિવસે ઊજવાય છે. મકરસંક્રાતિ એ ભારતનો કૃષક તહેવાર છે. ભારત અને એશિયાનાં અન્ય દેશોમાં પણ આ દિવસને પાકની લણણી સાથે જોડવામાં આવ્યો છે. સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં સ્થાનાંતર કરે તેને સંક્રાંતિ કહે છે. આ પ્રમાણે વર્ષમાં કુલ બાર સંક્રાંતિઓ થાય છે. પરંતુ સૂર્ય ધનુ રાશિમાંથી મકર રાશિમાં સ્થાનાંતર કરે છે તેને મકરસંક્રાંતિ કહેવામાં આવે છે, કારણ કે આ સમયે પૃથ્વીની ભ્રમણકક્ષા સંદર્ભમાં સૂર્યના કિરણો ફરી એકવાર ઉત્તર તરફ ગતિમાન થતા અનુભવાય છે. આમ, સૂર્ય ઉત્તર તરફ ખસતો હોવાથી આ દિવસને ઉત્તરાયણ તરીકે ઓળખવામાં આવે છે.

એક દ્રષ્ટિએ જોઈએ તો મકરસંક્રાંતિ એ વિજયનો તહેવાર છે. કાકાસાહેબ કાલેલકર લખે છે, ‘મકરસંક્રાંતિ એ શિયાળાની પ્રદીર્ઘ રાત્રી ઉપરનો પ્રકાશનો વિજય, તડકાનો ટાઢ ઉપરનો વિજય, પ્રકૃત્તિની નિંદ્રાં ઉપરનો નવજાગરણનો વિજય સૂચવે છે.’ આ દિવસથી ઉત્તરગોળાર્ધમાં દિવસો મોટા થવા લાગે છે ને રાત્રિઓ નાની થવા લાગે છે. તે દિવસથી સૂર્યદેવ દક્ષિણથી ઉત્તર તરફ ગતિમાન થતા અનુભવાય છે. આ રીતે મકરસંક્રાંતિ એટલે આ અંધકારમાંથી મુક્તિનો આનંદ. બીજી દ્રષ્ટિએ જોઈએ તો મકરસંક્રાંતિ એટલે આબાલવૃદ્ધ સૌની પતંગો સાથેની દોસ્તી. ભારતમાં માત્ર શહેરોમાં જ નહિ ગામડે ગામડે અને નાના નાના કસ્બાઓ સુધી પતંગની બોલબાલા! સૌ ધર્મના લોકો પતંગોત્સવને પોત-પોતાની રીતે ઊજવે છે. ઉત્તરાયણના દિવસનું આકાશ એટલે જાણે પતંગમેળો! ઉત્તર ગોળાર્ધમાં પવનની દિશા મરડાતાં, અરુણોદય થતાં પહેલાં તો આકાશ નાના મોટા રંગબેરંગી પતંગોથી ઊભરાઈ જાય છે.



ઉત્તરાયણની આગળના દિવસની રાત્રે બાળકો તેમના માતા-પિતા સાથે પતંગોની ખરીદી કરવા બજારમાં જાય છે. બજારમાં વિવિધ જાતના પતંગો મળે છે, જેવા કે, ચાંદેદાર, આંખેદાર, પાવલો, ઢાલ, લિકડેદાર વગેરે નામથી બાળકો ઓળખે છે, અને રાત્રે મોડે સુધી પતંગોની કિન્યા બાંધે છે. અને વહેલી સવારે ઉઠીને નવા કપડા પહેંરીને ધાબા પર પતંગ ચગાવા માટે બાળકોમાં હરિફાઈ લાગે છે. અને બાળકોને પતંગ ચગાવવા કરતાં પકડવામાં બહુ મજા આવે છે.

ધાબા પર લાઉડસ્પીકરો મૂકી ગીતો વગાડે છે! ખાવાનું પણ ધાબે ને પતંગની મજા માણવાની પણ ધાબે! વળી, ઊંધિયાની સીઝન જામી હોય એટલે સોનામાં સુગંધ ભળે! ટૂંકમાં આખા વર્ષનો અત્યંત લોકપ્રિય અને બાળકો માટેનો સર્વોત્તમ દિન એટલે ઉત્તરાયણ! ઉન્નતિના પ્રતીક સમા આ પતંગો મનુષ્યને ઊંચે ચડવાની પ્રેરણા આપી જાય છે રાત્રે પણ આ ક્રમ આનંદભેર ચાલતો રહે છે. શોખીનો રાત્રે કાળા અંધારા આકાશમાં સફેદ પતંગો અથવા પતંગ સાથે બાંધીને ‘ફાનસ’ ‘ટુક્કલ’ (કાગળનો દીવો) ઉડાડે છે. ઉત્તરાયણનો બીજો દિવસ (૧૫ જાન્યુઆરી) ‘વાસી ઉત્તરાયણ’ તરીકે પણ મનાવાય છે. આમ સતત બે દિવસ આ આનંદમય તહેવારની ઉજવણી ચાલે છે.

**ગુજરાતમાં ઉત્તરાયણ અલગ-અલગ રીતે ઊજવાય છે?**

ગુજરાતમાં આપણે પતંગ ચગાવી, ઊંધિયું-જલેબી, તલપાપડીની મજા માણી આ પર્વ ઊજવીએ છીએ.



તમિલનાડુમાં મકરસંક્રાંતિને પોંગલના રૂપમાં લોકો ઊજવે છે. સૌર પંચાંગ અનુસાર આ તહેવાર પહેલી જાન્યુઆરીએ આવે છે. પોંગલ ખેડૂતોનો તહેવાર છે. ત્રણ દિવસના આ તહેવારમાં ખેડૂતો પહેલા દિવસે કચરો ભેગો કરી સળગાવે છે. બીજા દિવસે લક્ષ્મીની પૂજા કરે છે અને ત્રીજા દિવસે પશુધનની પૂજા કરે છે. શીખ પરિવારો આ પર્વને લોહડી તરીકે ઊજવે છે. ૧૩ જાન્યુઆરીએ દરેક પંજાબી પરિવાર ઉત્સાહપૂર્વક આ પર્વ મનાવે છે. મહારાષ્ટ્રમાં આ દિવસે મહિલાઓ પોતાના પતિના દીધાર્યુ માટે પ્રાર્થના કરે છે. આ દિવસે દાન આપવાનું વિશેષ મહત્ત્વ હોય છે તેથી દાન પણ કરવામાં આવે છે. એ જ રીતે હિમાચલ પ્રદેશમાં લોહડી, બિહારમાં સંક્રાંતિ, આસામમાં ભોગાલી બિંદુ તરીકે આ ઉત્સવ ઊજવાય છે. ભારતની બહાર જઈએ તો નેપાળમાં થારૂ લોકો આ દિવસે ‘માધી’ ઉત્સવ મનાવે છે, જેને માધ સંક્રાંતિ પણ કહેવાય છે. થાઈલેન્ડમાં સોંગ્ક્રાન, લાઓસમાં પિ મા લાઓ તથા મ્યાનમારમાં થિંગયાન તરીકે આ ઉત્સવ ઊજવાય છે.


**ઉત્તરાયણના દિવસે મોજ, મસ્તી સાથે સાવધાની જરૂરી...**

પતંગ ચગાવતા ધાબા પરથી પડી જવું, પતંગ લૂટતાં અકસ્માત થવો, ચાઈનીઝ દોરીના કારણે ગળું કપાઈ જવું, (ગુજરાત સરકારે ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ લગાવ્યો છે), પતંગ કાપ્યો ને કપાયોમાં તકરાર થવી - આ બધું હવે ઉત્તરાયણના પર્વમાં સામાન્ય થઈ ગયું છે. આ બધું ન થાય તે માટે આપણે જોમ, જુસ્સા, ઉત્સાહની સાથે થોડી સાવધાની પણ રાખવી જોઈએ. ઉત્તરાયણના કારણે સૌથી વધુ નુકસાન થતું હોય તો તે પક્ષીઓને થાય છે. કાચવાળી કે ચાઈનીઝ દોરી આકાશમાં ઊડતાં પક્ષીઓની પાંખ કાપી નાખે છે. પતંગના દોરાથી કપાઈને મૃત્યુ પામનારાં પક્ષીઓની સંખ્યા ખૂબ મોટી છે. સમડી, ગીધ જેવા દુર્લભ ગણાતાં પક્ષીઓ પણ પતંગના દોરાથી કપાઈને મૃત્યુ પામે છે. આ દિવસે ઘવાયેલાં પક્ષીઓની સારવાર કરવા અનેક જીવદયાપ્રેમીઓ કામે લાગી જાય છે. આપણે પણ આપણા દોરાથી કોઈ પક્ષી ન કપાય તેની સાવધાની રાખવી જોઈએ.

# પશ્ચિમી દેશોનું અનુકરણ ભારતમાં

દુનિયામાં ભારત અદ્દ્ભુત દેશ છે અને તે તેની સંસ્કૃતિ અને સભ્યતા માટે પ્રખ્યાત છે. ભારત ૨૯ રાજ્યો અને ૬ કેન્દ્રશાસિત પ્રદેશોનું બનેલું છે. ભારતમાં મુગલો, રાજપૂતો અને મોર્યો દ્વારા બંધાયેલી (બનેલી) ઘણી જગ્યાઓ છે. તાજમહેલ ભારતની સૌથી સુંદર અજાયબીનું નિર્માણ શાહજહાંએ કરાવેલું. ભારતમાં પ્રેમ, શાંતિ અને પરંપરાની સંસ્કૃતિ છે અહીં હિન્દી, મરાઠી, ગુજરાતી, બંગાળી, તેલુગું, તામીલ, કાશ્મીરી પંજાબી જેવી વિવિધ ભાષાઓ બોલાય છે, લોકનૃત્યો જેવા કે ગુજરાતના ગરબા, પંજાબના ભાંગડા વગેરે જાણીતા છે. અહીના લોકો તેમના ધર્મના ભગવાન જેવા કે કૃષ્ણ, શિવ, ગણેશ, દેવી સરસ્વતી, દેવી લક્ષ્મી વગેરેને માને છે.

ભારતમાં ઘણા પ્રખ્યાત સ્થળો જેવા કે ગુજરાતમાં કચ્છ, આગ્રામાં તાજમહેલ, હિમાલયમાં કાશ્મીર ઉત્તર અને ઉત્તરપૂર્વીય પ્રદેશ કેરાલામાં કેરલ નામનું વૃક્ષ, બેંગ્લોરનું સુપર માર્કેટીંગ, કલાત્મક સંસ્કૃતિ, લોકનૃત્યો અને લોકગીતોથી ભરપૂર પંજાબ અને રાજસ્થાન આવેલા છે ઉપરાંત ભારતના પૂર્વભાગમાં આવેલા સાત બહેનોની પ્રદેશ પ્રખ્યાત છે. બીજા દેશોની સરખામણીમાં ભારતમાં ભોજનમાં પણ વૈવિધ્ય જોવા મળે છે. રોટલી દાળ,ભાત લીલા, શાકભાજી, ખીચડી જેવા સ્વાદિષ્ટ વ્યંજનો જોવા મળે છે. વિવિધ પ્રકારના પરંપરાગત પહેરવેશ જેવા કે, ગુજરાતમાં ચણિયાચોળી અને સાડી, રાજસ્થાનમાં સુતરાઉ તથા રેશમી કાપડ, પંજાબના કૃર્તા-પાયજામા, બંગાળની સફેદ તથા લાલપટ્ટી વાળી સાડીઓ જોવા મળે છે. પરંતુ હાલ આપણે આધુનિક અને પાશ્ચાત્ય સંસ્કૃતિને અપનાવી રહ્યા છીએ જેવા કે રોટલીનું સ્થાન પિત્ઝા અને બર્ગરે, શુદ્ધ ફળોના રસની જગ્યાએ ઠંડાપીણાં વગેરે. આજે છોકરીઓ સાડી અને ડ્રેસની જગ્યાએ શોર્ટસ અને ટી-શર્ટ પહેરે છે, મોજડી અને સાદા ચંપલની જગ્યા ઊંચી એડીના ચંપલ તથા બૂટે લીધી છે.



આ બધી વસ્તુઓ જરૂરી નથી તે આપણે અપનાવી રહ્યા છીએ પણ આપણે શા માટે તેમની સારી બાબતોને અપનાવતા નથી? વિદેશમાં તેમના દેશને સ્વચ્છ અને સુઘડ રાખવામાં આવે છે. તો શા માટે આપણે આવા નિયમોને અપનાવતાં નથી ત્યાં રસ્તાની બંને બાજુએ વૃક્ષો ઉગાડે છે, ઘરમાં બગીચા બનાવે છે, ત્યાં કોઈપણ સ્થળે ભિખારીઓ જોવા મળતા નથી. કારણ કે ત્યાંની સરકાર તેમને મદદ કરે છે, તેમને આધાર આપે છે.


આજે ભારતની અજાયબીઓ બાંધકામ એ જ છે. પરંતુ લોકો બદલાઇ ગયા છે અને પાશ્ચાત્ય સંસ્કૃતિનો અનુસરવા લાગ્યા છે. ભારતના ગામડાઓ યથાવત છે પણ શહેરમાં અનપેક્ષિત પાશ્ચાત્ય સંસ્કૃતિ આવી ગઇ છે. એ કહેવામાં કોઈ સંદેહ નથી કે આપણે આધુનિક બનવું જોઈએ , તેમની રહેણી-કરણી, ખોરાક, અપનાવીને નહીં પણ તેમની પ્રામાણિકતા નૈસર્ગિકતા અને સંચાલન વ્યવસ્થા અપનાવવી જોઈએ. ભારત ગામડાઓનું બનેલું છે. તેથી ભારતને સ્વચ્છ અને સુસંસ્કૃત રાખો હંમેશા.



**કલ્પનાબેન પંચાલ**
એજ્યુકેટર,
ત્રિપદા હાઈસ્કૂલ, રન્નાપાર્ક,
અમદાવાદ

# ૨૬મી જાન્યુઆરી ગણતંત્ર દિવસના રૂપમાં ઉજવાય છે

**૨૬ જાન્યુઆરીનુ મહત્વ બનાવી રાખવા વિધાન નિર્માણ કરનાર સભા દ્વારા સ્વીકૃત સંવિધાનમાં ભારતના ગણતંત્ર સ્વરૂપને માન્યતા આપવામાં આવી**



ગણતંત્ર દિવસ દર વર્ષે ૨૬મી જાન્યુઆરીના રોજ મનાવવામાં આવે છે. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતનું સંવિધાન લાગુ થયુ, બસ ત્યારથી દેશ ગણતંત્ર થયો અને એ જ ખુશીમા દર વર્ષે ગણતંત્ર દિવસ મનાવવામાં આવે છે. ૨૬મી જાન્યુઆરી ૧૯૫૦ના રોજ જે દિવસે આપણું સંવિધાન લાગુ થયુ ત્યારથી ભારતને પોતાના સંવૈધાનિક તક મળી. આ દિવસ પછીથી ભારતમાં એક સંપૂર્ણ રીતે રિપબ્લિકન એકમ બની ગઈ.

ગણતંત્ર દિવસનો ઈતિહાસ સન ૧૯૨૯ ડિસેમ્બરમાં લાહોરમાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના અધિવેશન પંડિત જવાહરલાલ નહેરુની અધ્યક્ષતામાં થયો, જેમાં પ્રસ્તાપારિત એ વાતની જાહેરાત કરવામાં આવી કે જો અંગ્રેજ સરકાર ૨૬મી જાન્યુઆરી, ૧૯૩૦ સુધી ભારતને ઉપનિવેશનુ પદ (ડોમિનિયન સ્ટેટસ) નહી પ્રદાન કરે તો ભારત પોતાની જાતને પૂર્ણ સ્વતંત્ર જાહેર કરી દેશે.

૨૬મી જાન્યુઆરી ૧૯૩૦ સુધી જ્યારે અંગ્રેજ સરકારે કશુ ન કર્યું ત્યારે કોંગ્રેસે એ દિવસ ભારતની પૂર્ણ સ્વતંત્રતાના નિશ્ચયની જાહેરાત કરી અને પોતાનો સક્રિય આંદોલન પ્રારંભ કર્યો. એ દિવસથી ૧૯૪૭માં સ્વતંત્રતા પ્રાપ્ત થતા સુધી ૨૬મી જાન્યુઆરી સ્વતંત્રતા દિવસના રૂપમાં ઉજવાય છે. ત્યાર પછી સ્વતંત્રતા પ્રાપ્તિના વાસ્તવિક દિવસ ૧૫ ઓગષ્ટને સ્વતંત્રતા દિવસના રૂપમાં સ્વીકાર કરવામાં આવ્યો. ૨૬મી જાન્યુઆરીનુ મહત્વ બનાવી રાખવા વિધાન નિર્માણ કરનાર સભા દ્વારા સ્વીકૃત સંવિધાનમાં ભારતના ગણતંત્ર સ્વરૂપને માન્યતા આપવામાં આવી.



એકતા અને તાકતનું પ્રતીક ગણતંત્ર દિવસ. આજે ગણતંત્ર દિવસ આખા દેશમાં ખૂબ ઉત્સાહ અને વિશેષ રૂપે રાજધાનીની સાથે મનાવવામાં આવે છે. લાલકિલ્લા પર સૌથી પહેલા આપણા દેશના પ્રથમ નાગરિકના રૂપમાં હાજર દેશના રાષ્ટ્રપતિ દેશનો ત્રિરંગો ફેલાવે છે. ત્યાર બાદ રાષ્ટ્રપતિ દ્વારા દેશના બહાદુર લોકોને સન્માનિત કરવામાં આવે છે. આ પ્રસંગ પર એક પરેડ કાઢવામાં આવે છે. જે રાજઘાટથી વિજયઘાટ પર સમાપ્ત થાય છે. આ પ્રસંગ પર દેશના ત્રણે વાયુ, થલ અને જળના જવાન પોતાનુ કૌશલ્ય બતાવે છે અને શાળાના બાળકો રંગારંગ કાર્યક્રમ રજૂ કરે છે. આપણો દેશ ખુશ રહે. આબાદ રહે અને વિકાસ કરતો રહે. આ દુઆ સાથે ''ધી ઓપન પેજ'' પણ સમગ્ર દેશવાસીઓને ગણતંત્ર દિવસની હાર્દિક શુભેચ્છા પાઠવે છે.

### ભારતવાસીઓ હવે તો જાગો ?

આપણે સ્વતંત્ર દેશમાં શ્વાસ લઈ રહ્યા છીએ, પણ શું માણસ બધી રીતે આઝાદ છે ખરો ? લોકો પૈસા કમાવવા અવનવા કાવતરા રચે છે. જે ઈમાનદાર છે તેને લોકો શાંતિથી જીવવા દેતા નથી, જે અભણ છે તેની અજ્ઞાનતાનો ફાયદો કહેવાતા જ્ઞાની લોકો ઉઠાવે છે અને આપણા નેતા જે આપણા કારણે જે ખુરશી પર રાજ કરી રહ્યા છે તે આપણા મોઢા પર શુ કહે છે અને પાછળથી શુ કરે છે તે કોણ નથી જાણતુ, આ જ વાતની રજુઆત અહીં આપેલી આ લઘુકથાઓમાં કરી છે.

### ઈમાનદારીની સજા

એક નાનકડા જિલ્લાના એક ગામમાં ટ્રેન રોકાઈ અને રોનક બાબુ પોતાનો સામાન લઈને નીચે ઉતર્યા. એટલામાં જ તેમની નજર ફર્સ્ટ ક્લાસ ડબ્બામાંથી ચા વાળાએ બૂમ પાડતા પ્રશાંત બાબુ પર પડી. તેમણે આનંદના આવેગમાં જોરથી અવાજ લગાવ્યો ભાઈ પ્રશાંત.. ક્યાં ? પ્રશાંત બાબુ જે તેમની જ જેવા જ ફર્સ્ટ ક્લાસ ઓફિસર હતા. હસીને બોલ્યા ભાઈ આપણી તો એશ ચાલી રહી છે. દરેક વર્ષની જેમ આ વર્ષે પણ રજાઓ માણવા પરિવાર સાથે ઉંટી જઈ રહ્યો છું. અને તમે... તમે અહીં ક્યાંથી ?

બસ અહીં બદલી થઈ ગઈ છે રોનક બાબુ નિરાશ થઈને બોલ્યા. એટલામાં જ ટ્રેન ચાલુ થઈ ગઈ અને રોનક બાબુ હાથ હલાવતા પાછળ રહી ગયા. ટ્રેનમાં પ્રશાંત બાબુ પોતાની પત્નીને બતાવી રહ્યા હતા કે આ માણસ જરાપણ પ્રેકટીકલ નથી. ન તો પોતે ખાય છે અને ન તો બીજાને ખાવા દે છે. તેથી જ આને કોઈ પણ ઓફિસમાં ટકવા નથી દેતા. પોતાની કરણી (પોતાની ઈમાનદારી)ની સજા ભોગવી રહ્યો છે, બીજુ શું.

### ભેટ

આ વર્ષે પંચાયતની ચૂંટણીમાં ગામમાં સરપંચને માટે આદિવાસી પદ આરક્ષિત હતુ. એક માત્ર મંગલૂનો પરિવાર જ ગામમાં રહેતો હતો. જે સરપંચ પદ માટે નિર્વિરોધ ચૂંટવામાં આવવાનો હતો. વર્તમાન સરપંચ ઠાકુર સાહેબે ભીખાને પોતાના માણસો મોકલીને બોલાવ્યો.

ભીખાએ હાથ જોડીને અભિવાદન કર્યુ. અમે તને ગામનો સરપંચ બનાવવા માંગીએ છીએ, તેથી ભીખો આ દાખલાના ફોર્મ પર અંગૂઠો લગાવી દે અને હા આ અંગૂઠાના બદલામાં તે તારા માતા પિતાની અંતિમ ક્રિયા માટે ઉછીના પૈસા લીધા હતા તેનુ વ્યાજ પાંચ વર્ષ સુધી અમે માફ કરી દઈએ છીએ, ભીખો ઘણો ખુશ હતો, સરપંચ પદને માટે અંગૂઠો લગાવીને માન સન્માન અને પ્રતિષ્ઠા મળી ગઈ. પણ આ વાતથી તે અજાણ હતો કે 'એકલવ્ય'ની જેમ તે દ્રોણને પાંચ વર્ષ માટે પોતાનો અંગૂઠો ભેટ ચઢાવી ચૂક્યો છે.

### એમ જ લોકો ફરિયાદ કરે છે

નેતાજી આવ્યા. આવે જ છે. કેટલાય કાર્યક્રમોમાં ભાગ લેવા. એક શાનદાર કાર્યક્રમની વચ્ચે એક સજ્જને મંચ પર ચઢીને એક માંગ પત્ર આપતા કહ્યુ - 'અન્નદાતા, કોઈ રોજગાર, મકાન, શાળા, દવાખાનુ નથી જોઈતુ નાનકડી વિનંતી છે. ગામથી શહેર તરફ જતો રસ્તો, ગલી, કશુ પણ ચાલવા ફરવાને લાયક નથી. તમારો ઈશારો થઈ જશે તો રસ્તાની કાયા પલટાઈ જશે. ગરીબ તમને આશીર્વાદ આપશે.'

નેતાજી માઈક પર બોલ્યા ભાઈ અન્નદાતા નહી સેવક કહો અમને વિનંતી નહી આદેશ કરો તમે. તમે મને આશીર્વાદનુ કહો છો હું કોઈ સંત થોડો છું, હું કણ પણ નથી. તમારો આશીર્વાદ વોટના રૂપમાં મળતો રહ્યો છે. હું આજે જ જોઈને વ્યવસ્થા કરુ છું. હું આવ્યો પણ શાને માટે છું. તાળીઓ વાગી. તે સજ્જન ખુશ થઈને ચાલ્યા ગયા. નેતાજીએ ચા-નાસ્તો લીધો. સીધા હેલિકોપ્ટરમાં બેસ્યા.. તેમણે હેલિકોપ્ટરમાંથી જોયુ અને બોલ્યા રસ્તો તો સારો છે. એમ જ લોકો ફરિયાદ કરે છે.


## શું તમારે પણ ધી ઓપન પેજમાં લખવું છે? લેખક બનવું છે?

ધી ઓપન પેજ સામયિકમાં સ્કુલના પ્રિન્સિપાલ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ તેમનું મૌલિક લખાણ મોકલી શકે છે. ધી ઓપન પેજ, આપને લખવા માટે જગ્યા આપશે અને આપના વિચારો લાખ્ખો વિદ્યાર્થીઓ સુધી પહોંચાડશે.આપ શિક્ષણ જગત કે વિદ્યાર્થીઓને લગતા કોઇ પણ વિષય ઉપર મૌલિક લખાણ મોકલી શકો છો, જો કે ધ્યાન એ વાતનું રાખવાનું કે આપ જે કાંઇ મૌલિક લેખ કે સમાચાર મોકલો તેમાં કોઇ વિવાદીત લખાણ ના હોવું જોઇએ.


ધી ઓપન પેજ
SINCE - 1968
વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામયિક
MONTHLY NEWS PAPER
www.theopenpage.co.in
આ અંકમાં શું વાંચશો?
ધી ઓપન પેજ દ્વારા આપ સૌને દિવાળીની શુભકામના
૧૦ વર્ષની ઉંમરે જાવાની એક્ઝામ માત્ર ૧૮ મીનીટમાં જ પુરી કરીને
રોનિલ બન્યો ઝડપી એક્ઝામ આપનાર સૌથી યંગેસ્ટ સ્ટુડન્ટ

શાળાના વિદ્યાર્થીઓએ જાતે દોરેલા ચિત્રો, જોક્સ, વાર્તા, કે સ્કુલમાં થતી જુદી જુદી પ્રવૃત્તિઓના સમાચાર વિદ્યાર્થીઓ મોકલી શકે છે.

આપની સ્કુલમાં અભ્યાસ ઉપરાંત થતા જુદા જુદા કાર્યક્રમોના ફોટા સાથેના સમાચાર ધી ઓપન પેજને કોમ્પ્યુટરમાં વર્ડ ફાઇલમાં ગુજરાતીમાં, ભાષા ભારતી ગોપીકા ટુ ફોન્ટમાં મોકલી શકો છો.ધી ઓપન પેજમાં જગ્યા હશે તે પ્રમાણે આપની સ્કુલના સમાચારને યોગ્ય રીતે સ્થાન આપવાનો પ્રયાસ કરવામાં આવશે. ધી ઓપન પેજમાં આપની સ્કુલના સમાચાર કે મૌલિક લેખ ઇ-મેઇલ આઇ ડી theopenpage@tripada.com ઉપર મોકલી શકો છો.આ ઉપરાંત આપ ધી ઓપન પેજનો નીચેના સરનામે સંપર્ક કે પત્રવ્યવહાર કરી શકો છો.

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, કુમકુમ પાર્ટીપ્લોટ સામે, અખબારનગર સર્કલ પાસે, નવાવાડજ, અમદાવાદ – ૩૮૦૦૧૩. ફોન નંબર – ૦૭૯ – ૨૭૬૨૧૩૮૫-૮૬.

**શાળાના વિદ્યાર્થીઓએ જાતે દોરેલા ચિત્રો, જોક્સ, વાર્તા, કે સ્કુલમાં થતી જુદી જુદી પ્રવૃત્તિઓના સમાચાર કોઈ પણ શાળા ધી ઓપન પેજને મોકલી શકે છે**


# આપણી લાઈફને આપણે પોઝિટિવ થિન્કિંગની પાઠશાળા બનાવી દઈએ

એક કપલ ચાર ધામની યાત્રાએ નીકળ્યું. તેમની બસ કોઈ પર્વતના ઢોળાવનાં ચક્કર કાપતી નીચે ઊતરી રહી હતી. એવામાં કોઈ કારણસર પતિ-પત્ની વચ્ચે ઉગ્ર ઝઘડો થયો. ઝઘડો એટલી હદે વધી ગયો કે બન્ને જણ બાકીની યાત્રા રદ કરી દઈને છૂટાં પડવા તૈયાર થઈ ગયાં. પતિએ ડ્રાઈવરને રિક્વેસ્ટ કરીને બસ થોભવવા કહ્યું. બસ ઊભી રહેતાં જ પતિ-પત્ની બસમાંથી ઊતરી ગયાં. બન્ને જણ એકબીજા સામે મોઢું ફુલાવીને ઊલટી દિશામાં જોઈને ઊભાં રહ્યાં.

એમને ત્યાં ઉતારી દઈને બસ જરાક આગળ વધી, ત્યાં જ એક બહુ મોટો ભયાનક અવાજ સંભળાયો. પેલા કપલે અવાજની દિશામાં જોયું તો બન્ને જણ ચોંકી ઊઠ્યાં ! જે બસમાંથી તેઓ બન્ને હજી ત્રીસ સેકન્ડ પહેલાં ઝઘડીને નીચે ઊતર્યાં હતાં એ બસને ઍક્સિડન્ટ થયો હતો. પર્વત ઉપરથી કોઈ મોટી શિલા ગબડતી-ગબડતી આવીને બસ સાથે ટકરાઈ હતી. બસમાં બેઠેલા ત્રણ-ચાર યાત્રાળુઓ મૃત્યુ પામ્યા હતા, કેટલાક ઘાયલ થયા હતા. એ જોઈને પતિ બોલ્યો, ‘હાશ ! સારું થયું ! આપણે બચી ગયાં ! આપણે ઝઘડીને બસમાંથી નીચે ન ઊતરી ગયાં હોત તો કદાચ આપણેય આ ઍક્સિડેન્ટમાં કાં તો મૃત્યુ, કાં તો ઈજા જરૂર પામ્યાં હોત. જે થાય એ સારા માટે !’

પતિની વાત સાંભળીને પત્નીએ જવાબ આપ્યો, ‘તમે હંમેશાં સ્વાર્થનો સાંકડો વિચાર જ કરો છો. આપણે બે જણ બચી ગયાં એ ઘટનાને તમે “સારું થયું” કહો છો, પણ બીજા લોકો મૃત્યુ પામ્યા, ઈજા પામ્યા અને હવે બાકીના યાત્રાળુઓની યાત્રા ડિસ્ટર્બ થઈ એ તમને કેમ નથી દેખાતું ? સાચી વાત તો એ છે કે જો આપણે ઝઘડ્યાં જ ન હોત જો આપણે બસ ઊભી રખાવી ન હોત જો આપણે બસમાંથી ઊતરવાનો સમય બગાડ્યો ન હોત તો આ બસ પસાર થઈ ગયા પછી પેલી શિલા પડી હોત અને તમામ યાત્રાળુઓ બચી ગયા હોત !’

એક જ ઘટનાને અનેક રીતે જોઈ શકાય છે, મૂલવી શકાય છે. આપણે ત્યાં રાત હોય એટલે આપણે એમ માની લઈએ કે જગતમાં સર્વત્ર અંધારું છે, તો આપણે ખોટા છીએ, કારણ કે બરાબર એ જ વખતે પૃથ્વીના બીજા – સામા છેડે તો મધ્યાહ્ન (મિડ-ડે) હોય છે! કોઈ માણસ ગુસ્સે થતો હોય ત્યારે આપણને તેનો ગુસ્સો જ દેખાતો હોય અને તેની સચ્ચાઈ ન દેખાતી હોય તો સમજવું કે આપણી આંખે અંધાપો છે. કોઈ વ્યક્તિ, વસ્તુ કે પરિસ્થિતિ સંપૂર્ણ સારી કે સંપૂર્ણ ખરાબ નથી હોતી. આપણે બસ આપણા મતલબ મુજબ એનો અર્થ કરી લેતા હોઈએ છીએ. એક માણસને વાતે-વાતે વાંધા પાડવાની અને બીજાની ભૂલો કાઢવાની હૅબિટ હતી. એક વખત રસ્તેથી ચાલીને જતાં એ થાકી ગયો અને વડલાના વૃક્ષ નીચે બેઠો. તેણે જોયું તો વડલાના ઘેઘૂર વૃક્ષની મોટી-મોટી ડાળીઓ હતી અને ડાળીઓ ઉપર નાના-નાના ટેટા (વડનાં ફળ) હતા. તેની નજર ફરતી-ફરતી સામે એક વેલ પર પડી. વેલ ખૂબ પાતળી હતી અને એના પર મોટું કોળું લાગેલું હતું. એ જોઈને પેલા વાંધાપાડુ માણસના દિમાગમાં કીડો સળવળ્યો. તે સોચવા માંડ્યો કે કુદરત સાવ મૂરખ જ છે. આટલા મોટા વડલા પર નાનકડા ટેટા લગાડ્યા છે અને આ નાજુક વેલ પર આવાં વિશાળકાય તોતિંગ કોળાં લગાડ્યાં છે ! ખરેખર તો આ કોળાં વડલા પર શોભે અને આ ટેટા વેલ પર શોભે !



**આપણે જેવું વિચારીએ છીએ એવું જ આખું જગત પણ વિચારે એ બિલકુલ જરૂરી નથી. જગતને આપણે જેવું જોયું છે એવું અને એટલું જ જગત છે એમ માનવું એ તો ખોટું છે. બહુત નાઈન્સાફી હૈ યે...!**

એ માણસ હજી તો કુદરતની અવ્યવસ્થા અને કુદરતના અન્યાય વિશે વિચાર કરતો હતો ત્યાં જ વડલાના ઝાડ પરથી એક ટેટો તેના માથા પર પડ્યો. હવે એ માણસ એમ વિચારવા લાગ્યો કે કુદરતે જે વ્યવસ્થા ગોઠવી છે તે બરાબર છે. કુદરતે વિચાર્યું હશે કે વિશાળ વૃક્ષની છાયામાં કોઈ થાકેલો વટેમાર્ગુ આરામ કરવા બેસશે. તેના માથે આવું તોતિંગ કોળું પડે તો તે મરી જશે, એટલે તેણે વિશાળ વૃક્ષને ટેટા લગાડ્યા અને જે વેલની નીચે કોઈ આરામ કરવા બેસવાનું નહોતું એને મોટાં કોળાં લગાડ્યાં ! વાહ કુદરત ! તારી રચના અપરંપાર છે !

માણસ પોતાના અનુભવને આધારે જ જગતને અને દુનિયાના તમામ વ્યવહારોને મૂલવવા મથામણ કરતો રહે છે, એટલે એ વારંવાર ખોટો પણ પડે છે. આપણને થયેલો અનુભવ ખોટો નથી એ કબૂલ, પણ આપણને થયેલો અનુભવ એટલી જ લાઈફ નથી. એમાં અનેક અનુભવોની સંભાવના છે. આપણે વિચારીએ છીએ એ ભલે સત્ય જ હોય, એ સિવાયનાં અનેક સત્યોની સંભાવના લાઈફમાં છે. આ વાત આપણે સ્મરણમાં રાખવી જોઈએ.

આપણે જેવું વિચારીએ છીએ એવું જ આખું જગત પણ વિચારે એ બિલકુલ પૉસિબલ નથી. જગતને આપણે જેવું જોયું છે એવું અને એટલું જ જગત છે એમ માનવું એ તો ખોટું છે. બહુત નાઈન્સાફી હૈ યે..!

જ્યારે આપણને કોઈ વ્યક્તિ, વસ્તુ, વિચાર, ઘટના કે પરિસ્થિતિ વિશે તર્ક કરવાની તક મળે કે અભિપ્રાય આપવાનો અવસર મળે ત્યારે એ યાદ રાખવું કે એના બે અર્થ તારવી શકાશે, એક પૉઝિટિવ હશે અને બીજો નેગેટિવ હશે. જો પૉઝિટિવ અર્થ મળી શકતો હોય તો નેગેટિવ અર્થને તરત છોડી દેવો. જો માત્ર નેગેટિવ અર્થ મળતો હોય તો નિર્ણય કરવામાં વિલંબ કરવો. પ્રોબ્લેમસનો તરત જ ઉકેલ આવી જશે! ગેરસમજો ઘણી દૂર રહેશે. અનિષ્ટ પરિણામો આપણી પાસે આવી જ નહીં શકે! પોઝિટિવ થિન્કિંગ કરીશું તો મૃત્યુ પણ મહોત્સવ જેવું લાગશે અને નેગેટિવ થિન્કિંગ કરીશું તો જીવતર પણ નરક જેવું લાગશે! બસ આજથી જ પોઝિટિવ થિન્કિંગ માટેનું ટ્યુશન ભણવા બેસી જઈએ!



**રોહિત શાહ**
ગુજરાતી લેખક

# બાળકોને માત્ર શિક્ષણ નહિ પરંતુ જીવન શિક્ષણ મળે

ગુજરાતના ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાની માંડવી શાળા અને એવું ગામ કે જ્યાં આજે પણ લોકો સુવિધાના અભાવ વચ્ચે જીવે છે. તેવા ગામની ૧૩૫ વર્ષ જૂની વિલાયતી નળીયાવાળી શાળાના શિક્ષક શ્રી રમેશભાઈ એન. પરમારની વિવિધ શાળાકીય પ્રવૃતિઓને ગુજરાતના ફલક પર લાવવાનું કામ કર્યું છે. પીઠ થાબડવાનું કામ કર્યું છે. તે માટે ‘ધી ઓપન પેજ’ પરીવારનો હું ઋણી છું.

વર્ગખંડ, કે શાળાકીય પ્રવૃતિઓમાં વિવિધ નવીનીકરણના માધ્યમથી બાળકોને આનંદદાયી શિક્ષણ મળે તે મારો સૌ પ્રથમ હેતુ રહે છે. તે હેતુ સાથે છેલ્લા ૧૭ વર્ષથી કાર્ય કરી રહ્યો છું. હું ઈચ્છું કે બાળકોને માત્ર શિક્ષણ નહિ પરંતું જીવન શિક્ષણ મળે, તે આજની માંગ છે. બાળકોનો સર્વાંગી વિકાસ થવો ખૂબ જરૂરી છે. માત્ર પાઠ્ય પુસ્તકના શિક્ષણથી જીવન શિક્ષણ મળે ખરું? તેના માટે શિક્ષક તરીકે કંઈક વિશેષ કરવું પડે, તોજ બાળક પોતાના જીવનમાં આત્મનિર્ભર બની શકે, કંઈક નવું કરી શકે, મૂલ્યલક્ષી બની શકે. આ બધુ ચૌક્કસ થઈ શકે તેના માટે જરૂરી છે, બાળક અને શિક્ષક વચ્ચેનો આત્મિય સંબંધ, બાળક અને શિક્ષક વચ્ચેનો પ્રેમસભર મજબૂત સેતુ, જ્યાં બાળકને પોતાના ઘર જેવો મહોલ લાગતો હોય, જ્યાં બાળક નિર્ભય બની શીખતો હોય, પોતાના વિચારો મુક્ત રીતે રજુ કરી શકતો હોય. આવા વાતાવરણ વચ્ચે મને નથી લાગતુ કે બાળકના વિકાસને કોઈ રોકી શકે. હું માનું છું, અપનાવું છું, અને આગળ જીવનમાં અપનાવતો રહીશ, કે મારું દરેક કાર્ય બાળક કેન્દ્રિય હોય. આજના છોડને પોષણરૂપ આહાર મળશે તો જરૂર તેને મીઠા ફળ સ્વરૂપે ફળશ્રુતિ મળશે. મારો કહેવાનો ભાવાર્થ છે, બાળકનો વિકાસ કઈ પધ્ધતિથી થાય છે. તે અપનાવો. શિક્ષણને નવીનીકરણનો આપો આપ જેમાં બાળકને મજા આવતી હોય.. નહિ કે બોજરૂપ બને.



**હું ભવિષ્યમાં ઈચ્છું છું કે મારા શૈ.કાર્યો નવીનીકરણ મારા વર્ગ પુરતાજ સિમિતના રહે આ માટે તાલુકા, જિલ્લા કક્ષાએ તાલીમો દરમિયાન મારી વાતને રજુ કરી શકું**

જ્યારે મારા વિચારો શિક્ષકત્વની ધીમા પડવાની શરૂઆત તરફ પ્રેરાય ત્યાંજ ધી ઓપન પેજ જેવી સંસ્થાઓ ફરી વેગ આપી, પ્રોત્સાહન આપી તરોતાજા રાખે છે. તેને મારા વંદન છે. હું ભવિષ્યમાં ઈચ્છું છું કે મારા શૈ.કાર્યો નવીનીકરણ મારા વર્ગ પુરતાજ સિમિતના રહે આ માટે તાલુકા, જિલ્લા કક્ષાએ તાલીમો દરમિયાન મારી વાતને રજુ કરી શકું.

મારી ઉપરોક્ત ચર્ચાને સાર્થક કરવા એક શિક્ષક તરીકે ઘસાવુંતો પડશેજ, કંઈક નવું કરવુંજ પડશે, આગામી સમયમાં મારી શાળામાં

(૧) વાંચન, લેખન, ગણન માટે “ગણિત- પરબ” પ્રોજેક્ટ અમલમાં મુકવાનો છું. જે શાળા સમય પહેલા ૯:૦૦ થી ૧૦:૩૦ દરમિયાન ચાલશે.
(૨) “સાચા અર્થમાં શિક્ષણ” ધોરણ ૩થી ૫ના બાળકો સાથે શાળા રિશેષનો સમય આપીશ તેની સાથે શિક્ષણ સાથે આનંદદાયી પ્રવૃતિઓ કરીશ.
(૩) “ગુજરાતની ગાભાપૂતળી” પપેટરી નિર્માણ કરી સામજિક, ગુજરાતી, હિન્દીનાં અભ્યાસક્રમો પૈકી કઠિન-પાઠોનું નાટ્યરૂપાંતર કરી બાળકોને પપેટરીના માધ્યામથી સમજાવીશ.
(૪) “તાલની રમત” ધો. ૧થી૨ના બાળકો માટે ખાસ પર્યાવરણ, ગુજરાતી વિષય અનુરૂપ શૈ.પ્રવૃતિઓ, મિમિક્રી, અભિનયોના માધ્યમથી શિક્ષણ આપુ છું આગામી વિશેષ આનંદદાયી શિક્ષણ બનાવવા તરફ ધ્યાન આપું છું.

બસ મને એટલી ખબર છે કે... “હું શિક્ષક છું, સર્જક છું. ખુદને મુંજાવર માનું છું, અવનવા પ્રયોગોથી બાળક રીઝાવી જાણું છું.” બાળકને રીઝાવીને મારે કામ કરવું છે, તેના મિત્ર-ભાઈ બનીને કામ કરવું છે, મારે બાળક સાથે બેસીને હળવાશથી કામ લેવું છે. હું પ્રાર્થના કરું માં સરસ્વતીને મારા આ કાર્યમાં હું સફળ થાઉ, વધુને વધુ બાળકો, શાળા સુધી મારું કાર્ય પહોચાડું તે માટે મારી શક્તિ પ્રેરક બને.



**રમેશભાઇ એન. પરમાર**
માંડવી કેન્દ્રવર્તી શાળા,
તા. ગારિયાધાર, જિ. ભાવનગર

એવી કોઈ પણ મુલ્યવાન ચીજ નથી કે જે પુરુષાર્થ વગર પ્રાપ્ત કરી શકાય.

# એજ્યુકેટર્સ એવોર્ડ ટોર્ચ બેરરર્સનું સન્માન


મુખ્ય મહેમાનોનું સન્માન


શ્રીમતી વર્ષાબેન દોશી


શ્રી શૈલેષ સાંગપરીયા


શ્રી ચેતન શાહ



# 'ધી ઓપન પેજ' એજ્યુકેટર્સ એવોર્ડ વતી રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકોનું રાજ્યપાલ કોહલીજી દ્વારા સન્માન

શનિવાર ૧૯ ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ 'ધી ઓપન પેજ ૨૦૧૫ના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડની જાહેરાત કરી. રાજકોટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિજેતાઓના નામ જાહેર કરવામાં આવ્યા. આશરે ૪૨૧ એન્ટ્રી-જેમાં સ્કુલ, સ્ટાફ, ડિરેક્ટર્સ, વાલીઓ, આચાર્ય, નોમીની તથા અન્ય મહેમાનોનો સમાવેશ થયો હતો. સમગ્ર ગુજરાતની શાળાઓમાંથી શિક્ષણ ક્ષેત્રે શ્રેષ્ઠ શિક્ષકો નામાંકન પામ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ એવા શૈક્ષણિક અધ્યાપકોને સન્માન આપવાનો હતો જેમણે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે પોતાનું શ્રેષ્ઠ યોગદાન આપ્યું હતું.



ગુજરાત રાજ્યના માનનીય ગવર્નર શ્રી ઓ.પી. કોહલીના આગમન બાદ દીપ-પ્રાગટ્ય અને પ્રાર્થના બાદ એવોર્ડ સમારંભમાં શ્રી વિજયભાઈ રૂપાણી અને શ્રી મહીલા આયોગ મંત્રી લીલાબેન અંકોલાએ વકતવ્ય આપ્યું હતું, ત્યાર બાદ ધી ઓપન પેજના તંત્રી શ્રી અર્ચિત ભટ્ટે એજ્યુકેટર્સ એવોર્ડના વિજેતાઓને એવોર્ડ અર્પણ કરતાં કરતાં સમગ્ર એવોર્ડ સમારંભની રસપ્રદ બાબતો રજૂ કરી હતી. એજ્યુકેટર્સ એવોર્ડના તમામ વિજેતાઓ ગુજરાત શિક્ષણ ક્ષેત્રના ચમકતા સિતારાઓ છે કે જેમણે વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપી તેમની પ્રતિભાને એવી રીતે ચમકાવી છે કે જેથી તેઓ પોતાની કારકિર્દી ઘડી શકે અને વાસ્તવિકતાનો સામનો કરી સફળ કારકિર્દી બનાવી શકે જેને તેઓ લાયક છે, ત્યાર બાદ અતિથિઓ સાથે રાષ્ટ્રગીત જ્ઞાન તથા અલ્પાહાર સાથે સમારંભનું સમાપન થયું. (આગામી એવોર્ડ સમારંભની ફાળવણી (જવાબદારી) જય ઈન્ટરનેશનલ સ્કુલે Occasion Educator's Awardને સોંપી, બાળકોના ભવિષ્યને ઉજ્જવળ બનાવનાર આવા મહાન વ્યક્તિઓના અમો ઋણી છીએ.'

કાર્યક્રમના માર્ગદર્શક સમાન ટોર્ચ-બેરરનું કામ અર્પણ કરવા બદલ હાજર રહેલા બધા જ્યુરી મેમ્બર તથા ટોર્ચ-બેરરનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત શૈક્ષણિક સંસ્થા સાથે વર્ષોથી સંકળાયેલ રહી શિક્ષણ પ્રત્યે અમૂલ્ય પ્રદાનકર્તા બધા મહાનુભાવોએ રાજકોટના ગુલાબભાઈ જાની જેમને હાલમાં સમર્પણ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગાર્ડી એવોર્ડ આપવામાં આવેલ. મહંત સ્વામી દેવકિશનદાસજી જે છોકરાઓના ઘડતર, બીમાર વ્યક્તિઓને સેવા તથા પશુઓ માટે અસંખ્ય કાર્યો કરવા સાથે જોડાયેલ છે, સુધાબેન ખંઢેરીયા જેમને શ્રીમતી આનંદીબેન પટેલ દ્વારા હાલમાં નારીઓના શિક્ષણ માટે એવોર્ડ આપવામાં આવેલ છે. દિલીપસિંહ આશર જે સ્વામી વિવેકાનંદ સર્ધ-સતી કમિટીના મેમ્બર તથા જે રાષ્ટ્ર અને રાજ્યકક્ષાએ બેસ્ટ શિક્ષક એવોર્ડ કમીટીના મેમ્બર છે. સંજયભાઈ દેસાઈ જે ભાવનગર સ્થિત વિકાસ વર્તુળના સ્થાપક તથા હેડ માસ્ટર યુનિયનના પ્રેસિડેન્ટ છે. ડૉ. અરૂણ દવે જે યુકે સ્થિત ચેનલ ફોર સાયન્સ ક્લબ, યુએસએ સ્થિત કાર્લસ્ગેન પ્લેનેટરી સોસાયટી તથા ગાંધીનગર સ્થિત ગુજરાત ઈકોલોજી કમીશનના મેમ્બર છે. ડો.ડી.એ. ઉચાટ જે શિક્ષણ શાખા ભવનના પ્રોફેસર અને હેડ રહી ચૂક્યા છે તથા ડો. અનામિકભાઈ શાહ જે સૌરાષ્ટ યુનિવર્સિટી ટીચર એસોસિયેશનના લીડર અને ૧૨૦ જેટલા પ્રકાશન બહાર પાડેલ છે. તેમનું પણ સન્માન રાજ્યપાલશ્રી દ્વારા કરવામાં આવેલ, આ કાર્યક્રમ રાજ્યપાલ ઓ.પી. કોહલી, ગુજરાત રાજ્યના પરિવહન, પાણી પુરવઠા અને શ્રમ અને રોજગારના કેબીનેટ મંત્રી વિજયભાઈ રૂપાણી, સુરત સ્થિત હરિકૃષ્ણ એકસપોર્ટસ પ્રા.લી. ના રાજેશભાઇ ધોળકીયા, ગુજરાત મહિલા સેવા આયોગના ચેરપર્સન લીલાબેન વગેરેએ હાજર રહી પુરસ્કાર આપવામાં આવ્યો હતો.










ડૉ. સોનલ એમ. ફલદુ
માધ્યમિક, ઉ. મા. પ્રિન્સિપલ એજ્યુકેટર્સ એવોર્ડ


શ્યામકુમાર આર. વ્યાસ
સમાજ સેવા એજ્યુકેટર્સ એવોર્ડ


નિલેશ એલ. પંચાલ
સ્પેશિયલ એજ્યુકેટર્સ એવોર્ડ


જયેશકુમાર વી. જોશી
પેરેન્ટ ઓફ ધી યર એજ્યુકેટર્સ એવોર્ડ

## એજ્યુકેટર્સ એવોર્ડ વિજેતા


બિન્દુબેન બી. રાઠોડ
પ્રી સ્કુલ એજ્યુકેટર્સ એવોર્ડ


રમેશભાઈ એન. પરમાર
પ્રાથમિક સ્કુલ એજ્યુકેટર એવોર્ડ


હિતેશચંદ્ર બી. વૈષ્ણવ
માધ્યમિક સ્કુલ એજ્યુકેટર એવોર્ડ


સંજય આર. પંડ્યા
ડિપ્લોમા, સિનિયર, માધ્યમિક એજ્યુકેટર એવોર્ડ


અતિયા સૈયદ
શિક્ષક એજ્યુકેટર્સ એવોર્ડ


ભારતીબેન બી. ગોહિલ
પ્રાથમિક આચાર્ય એજ્યુકેટર્સ એવોર્ડ


શ્રી જતીન ભરાડ


શ્રી દેવાંગ માંકડ


શ્રી વસંત પાઠક


ડૉ. એસ.બી. જાડેજા


ડૉ. વિશાલ ખગાસીયા


ડૉ. શૈલેષ જાની



# ત્રિપદા સ્કુલ દ્વારા વાર્ષિક ખેલકૂદનો કાર્યક્રમ યોજવામાં આવ્યો

ત્રિપદા એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા હાથ ધરવામાં આવેલ વાર્ષિક ખેલકૂદનો કાર્યક્રમ તા. ૮ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ ધોરણ ૧થી ૪ના બધીજ શાખાના વિદ્યાર્થીઓ દ્વારા યોજવામાં આવ્યો હતો. તેમાં બાળકોએ સહભાગી થઈ શક્તિશાળી અને જોશભર્યું પ્રદર્શન કર્યુ હતું.





# એફ. ડી. સ્કૂલ – જુહાપુરા ખાતે જિલ્લાકક્ષાનું વિજ્ઞાન, ગણિત, પર્યાવરણ પ્રદર્શન યોજાયુ





જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત શ્રી મહાલક્ષ્મી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન અમદાવાદ ગ્રામ્ય તથા જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ ગ્રામ્યના સંયુક્ત ઉપક્રમે એફ.ડી. એજ્યુકેશન કેમ્પસ, મક્તમપુરા, જુહાપુરા ખાતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનું જિલ્લા કક્ષાના વિજ્ઞાન- ગણિત- પર્યાવરણ પ્રદર્શન યોજવામાં આવેલ છે. જેમાં મુખ્ય મહેમાન પદે ડો. કનક પટેલ( કન્સલ્ટન્ટ- વાયરલેસ સિસ્ટમ ) તથા શ્રી હાસીબ શેખ( સંયોજકશ્રી- સેરેનીટી લાયબ્રેરી અને બોટાનિકલ ગાર્ડન ) ઉપસ્થિત રહ્યા હતા. એફ.ડી. એજ્યુકેશન સોસાયટીના ચેરમેન શ્રી શફીભાઇ મનીઆરના અધ્યક્ષપદે યોજાયેલ કાર્યક્રમમાં DIET ના ઇન્ચાર્જ આચાર્ય વિભૂતિબેન જોષી તથા સંસ્થાના પ્રમુખ શ્રી અબ્દુલ રહીમ શેખ સહિત સંસ્થાના હોદ્દેદારો અને કારોબારી સભ્યો સહિત જુહાપુરા એરિયાના સામાજીક કાર્યકરો, શુભેચ્છકો, વાલીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિજ્ઞાન પ્રદર્શનમાં અમદાવાદ જિલ્લાના ધોળકા, ધંધુકા, વિરમગામ, બાવળા, સરખેજ, સહિતના વિસ્તારમાં આવેલ શાળાઓની ૬૫ વિજેતા કૃતિઓ રજુ થયેલ છે. જેમાંથી ૧૦ કૃતિઓ રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પસંદગી પામશે. કાર્યદળમાં જિલ્લા શિક્ષણ તાલીમ ભવનના વ્યાખ્યાતાઓ તથા DEO કચેરીના શિક્ષણ નિર્દેશકો પણ હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ આયોજન શાળાના મ.શિક્ષક શ્રી એન.પી.શેખ અને તેમની ટીમ દ્વારા થયું હતું.

# શ્રી કે.જે. મહેતા કોલેજ દ્વારા મહેંદી સ્પર્ધા યોજવામાં આવી



શ્રી કે.જે. મહેતા કોલેજ ઓફ પ્રી પ્રાયમરી એજ્યુકેશન દ્વારા મહેંદી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલીમાર્થીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. મહેંદી પોતાની કલ્પનાશક્તિને વધારવા માટેનું અનેકમાંથી એક માધ્યમ છે. મહેંદીએ સર્જનાત્મકતાનું એક પ્રતિક છે. આ મહેંદી વર્કશોપ કલ્યાનમંદિર કેમ્પસમાં યોજાયું હતું.



# ત્રિપદા હાઈસ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા સલાડ ડેની ઉજવણી



ત્રિપદા હાઇસ્કુલના વિદ્યાર્થીઓએ ખુબજ અનોખી રીતે સલાડ ડેની ઉજવણી કરી હતી. વિદ્યાર્થીઓએ અવનવી જાતના ફળો અને શાકભાજી ઘરેથી લઈને આવ્યા હતા. અને ફળો અને શાકભાજીનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓએ ખુબ જ સરસ ડિઝાઇન બનાવી હતી.



The Open Page
Inspired Learning
SINCE - 1968
Address : 4th Floor, Vishwa Arcade, Opp. Kumkum Party Plot, Nr. Akhbarnagar Circle, Ahmedabad. Phone : 079-27621385/6
PHOTO

## લવાજમ ફોર્મ

લવાજમ ભરનાર નું નામ :
પિતાનું નામ :
અટક :
મોબાઇલ નંબર :
ફોન નંબર :
ઇ-મેઇલ આઇ.ડી. :
સ્કુલનું નામ :
ધોરણ | વર્ગ | વર્ગ
ઘરનું સરનામું :
શહેર | રાજ્ય | પિન કોડ નંબર
જન્મ તારીખ : D D M M Y E A R
લવાજમ ભર્યા તારીખ :

લવાજમ રકમ : ૨૦૦/-
લવાજમ કઇ રીતે ભરશો : રોકડા ☐ ચેક ☐ ડીમાન્ડ ડ્રાફ્ટ ☐
(જો ચેક કે ડીમાંડ ડ્રાફ્ટ આપો તો ધી ઓપન પેજના નામે આપવો)



લવાજમ ભરનારની સહી
SUBSCRIBE • 99250 32168 • THE OPEN PAGE
Website : www.theopenpage.co.in | Email : theopenpage@tripada.com.
Facebook : www.facebook.com/theopenpage

# ડિવાઈન લાઈફ ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા પ્રથમ વાર્ષિક ઉત્સવની ઉજવણી કરવામાં આવી






ડિવાઇન લાઇફ ઇન્ટરનેશનલ સ્કુલ દ્વારા પ્રથમ વાર્ષિક ઉત્સવ તા. ૨૩ ડિસેમ્બર ૨૦૧૫ના રોજ ટાઉન હોલ ખાતે યોજવામાં આવ્યો. તેમાં વિદ્યાર્થીઓએ **SAVE EARTH** વિષય ઉપર પ્રદર્શન કર્યું હતું. વિદ્યાર્થીઓને ગમતું ડાન્સ, સંગીત તેમજ અવનવા પ્રદર્શન કર્યા હતાં. તેમાં ૫૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તેમાં શ્રેષ્ઠ શિક્ષકો તેમજ શ્રેષ્ઠ બાળકો દ્વારા વિદ્યાર્થીઓને એવોર્ડ આપવામાં આવ્યાં હતાં. કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓને ગમતા વિષય પર વિવિધ સંદેશો આપ્યા હતા. જેમ કે, **SAVE GIRL CHILD, SAVE WATER, SAVE TREES, SAVE EARTH** વગેરે વિષય પર વિદ્યાર્થીઓએ પ્રદર્શન કર્યુ હતું.

## નીચે આપેલા એક સરખા બે ચિત્રોમાં સાત તફાવત છે તે શોધો





## ટપકા જોડો અને રંગ પૂરો



## ગણતરી કરી સાચો જવાબ શોધો

**દરેક બોક્સમાં આપેલા નંબરની યોગ્ય ગણતરી કરી, + અથવા - તે રકમ યોગ્ય બનાવતી નિશાની બોક્સમાં મુકો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૩ | + | ૨ | + | ૧ | = | ૬ |
| ૩ | | ૨ | | ૧ | = | ૪ |
| ૩ | | ૨ | | ૧ | = | ૨ |
| ૩ | | ૨ | | ૧ | = | ૦ |
| ૫ | | ૧ | | ૨ | = | ૮ |
| ૫ | | ૧ | | ૨ | = | ૬ |
| ૫ | | ૧ | | ૨ | = | ૪ |
| ૫ | | ૧ | | ૨ | = | ૨ |
| ૩ | | ૪ | | ૨ | = | ૫ |
| ૩ | | ૪ | | ૨ | = | ૯ |



## જો જો પાછા હસતા નહી

તોફાની ચીકુએ એક વખત તેની **મમ્મીને પૂછ્યું:** મમ્મી તારા વાળ સફેદ કેમ થતા જાય છે ?
**મમ્મી:** તારા એક એક તોફાનથી મારા એક એક વાળ સફેદ થતા જાય છે.
**ચીકુ:** હવે મને સમજાયુ કે દાદાના બધા વાળ સફેદ કેમ છે!!

### બાદશાહ કરતા મોટું કોણ?

**સંતા:** રિંકુ તું રોજ છેલ્લી પાટલીએ બેસીને શું કરતો રહે છે, આજે મારે તારું જનરલ નોલેજ ચકાસવું પડશે. ચાલ, બતાવ બાદશાહ કરતા મોટું કોણ?
**બંતા:** એમા તો હું પાક્કો છું. સિમ્પલ, બાદશાહ કરતા મોટો એક્કો.




**જય પંચાલ**
ધોરણ ૮, ડિવાઇન લાઇફ ઇન્ટરનેશનલ સ્કુલ



**રોશની કટારીયા**
ધોરણ ૮, હનુમંત હાઇસ્કુલ, મહુવા



**હેનીલ શર્મા**
ધોરણ ૯, એસ.એમ.ટી. પી.બી.ડી. જોશી હાઈસ્કુલ



**મિલન મુકેશભાઈ જાદવ**
ધોરણ ૫, મનીકૃપા સ્કુલ



**ઇશીતા માથુર**
ધોરણ ૧૧,આર્ટસ, ત્રિપદા ડે સ્કુલ



**સાધુ વૈષ્ણવ**
ધોરણ ૮,ત્રિપદા ગુરૂકુલમ પ્રાઇમરી સ્કુલ, વિરમગામ



**ખુશી પટેલ**
ધોરણ ૫,ગ્લોબલ મિશન ઇન્ટરનેશનલ સ્કુલ




**દક્ષ શાહ**
ધોરણ ૫,ધ રોઝરી સ્કુલ




**સાલા તેજસ**
ધોરણ ૨,કેન્દ્રીય વિદ્યાલય



**કેતુલ**
ધોરણ ૧૦,અર્જુન ઇંગ્લિશ સ્કુલ



**ધૃમિત કે પટેલ**
ધોરણ ૭, એસ.એન. સત્ય સાંઇ વિદ્યાનિકેતન





**એ.એસ. જેફરીન**
ધોરણ ૪, આત્મન ઇન્ટરનેશનલ સ્કુલ

## બાજુમાં આપેલા શબ્દો, નીચેના ચોકઠામાંથી શોધો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| રી | કા | ફે | રા | હા | પા | શિ | ખ | જૂ |
| મા | ન | બ્રુ | પી | ળી | એ | પ્રિ | લ | ન |
| જા | ન્યુ | આ | રી | ઈ | ગ | ષ્ટ | પ | ગિ |
| પા | શા | રી | ળા | મે | ઠ | જુ | લા | ઇ |
| મા | ર્ચ | જ | સ | થ | ઓ | સો | ઓ | ના |
| ર | લ્લ | ભ | પ્ટે | ના | ગ | મ | ક્ટો | ર |
| કા | ચો | ટીં | મ્બ | શ્રી | ષ્ટ | ના | બ | ઝ |
| ન | વે | મ્બ | ર | શિ | વ | થ | ર | વ |
| વિ | ર | પુ | ર | ષ્ટ | ડિ | સે | મ્બ | ર |

જાન્યુઆરી
ફેબ્રુઆરી
માર્ચ
એપ્રિલ
મે
જૂન
જુલાઈ
ઓગષ્ટ
સપ્ટેમ્બર
ઓક્ટોબર
નવેમ્બર
ડિસેમ્બર

## રસ્તો શોધવામાં મદદ કરો




## ટૂંકી વાર્તા

# જેનો જેવો ભાવ



એક ગામમાં એક કઠિયારો રહેતો હતો. તે જંગલમાંથી લાકડાં કાપી લાવતો અને તેને વેચીને જે પૈસા મળે તેનાથી પોતાનું ગુજરાન ચલાવતો હતો. જંગલ ઘણુ દૂર હતુ તેથી તે સાથે ખાવા માટે ભાથુ પણ બાંધી લઈ જતો. આ તેનો નિત્યક્રમ હતો.

એક દિવસ એ કઠિયારો જંગલમાં લાકડાં વીણવા જઈ રહ્યો હતો, રસ્તામાં તેણે એક મેલા જેવા કપડાં પહેરેલા સાધુ મહારાજને આવતા જોયા. તે સાધુ મહારાજ તેને બહુ ગંદા લાગી રહ્યા હતા. સાધુ મહારાજ તેની પાસે જ આવી રહ્યા હતા. નજીક આવતા જ તે બોલ્યા 'બેટા, ભિક્ષા આપો'

કઠિયારો બોલ્યો - 'મહારાજ, હું પોતે જ ગરીબ છું, હું તમને શું આપુ, મારી પાસે તો કશું જ નથી'

સાધુ બોલ્યા - બેટા જે હોય તે આપ.

થોડીવાર વિચાર કરીને કઠિયારો બોલ્યો - આ લો મારી પાસે રોટલી છે, તેમાંથી એક રોટલી લઈ લો. આમ કહીને તેમણે સાધુને એક રોટલી આપી. સાધુ ફટાફટ રોટલી ખાઈ ગયા, અને પાસેના કુવામાંથી પાણી પણ પી લીધું. તેમના મોઢા પર સંતોષનો ભાવ જોવા મળ્યો.

કઠિયારાને પહેલાં જ સાધુને જોઈને ઘૃણા આવી રહી હતી અને ઉપરથી સાધુની મેલી પોટલી હાથમાં લેતાં તે અચકાઈ રહ્યો હતો, પણ તે ના ન પાડી શક્યો. તેણે મન મૂકવા પોટલી હાથમાં લીધી, અને ધીરે રહીને પોટલી નીચે ફેંકી દીધી. થોડીવાર પછી તે લાકડાંની ભારી માથા પર ઉઠાવીને ચાલતો થયો.

ઘરે આવીને તેણે લાકડાંની ભારી નીચે ઉતારી તો લાકડાં પર એક કપડું અટકેલું હતું. તેણે યાદ આવ્યું કે આ તો એ જ ગંદુ કપડું છે જેની પોટલી બનાવી સાધુએ આપી હતી. તે એ કપડાંને કાઢવા લાગ્યો ત્યારે તેને કશુંક ચમકતું જોવા મળ્યું. તે હીરો હતો. તે તરત જ ચમકી ગયો. અને તરત જ દોડીને જંગલમાં જ્યાં તેણે પેલી પોટલી ફેંકી હતી ત્યાં ગયો, પણ ત્યાં કશું જ મળ્યું નહી. રસ્તામાં તેણે એ જ ગંદા કપડાં પહેરેલા સાધુ મહારાજ જોવા મળ્યા. તેણે તરત જ તેમના પગ પકડી લીધા અને બોલ્યો - 'મહારાજ મને માફ કરો, હું તમને ઓળખી ન શક્યો. સાધુ બોલ્યા - 'બેટા, હું તો તને સાચા મનથી જ મદદ કરવા માંગતો હતો, પણ તારો સ્વીકારવાનો ભાવ સારો નહોતો, એટલે તને તેનું ફળ પણ એવું જ મળ્યું, જેનો જેવો ભાવ રહે છે, જીવનમાં તે તેવું જ પામે છે. આમ બોલીને સાધુ મહારાજ અદૃશ્ય થઈ ગયા અને કઠિયારો પછતાતો રહી ગયો.

શીખ- બાળકો, યાદ રાખો જીવનમાં તમે જેવી ભાવના મનમાં રાખશો તેવું જ ફળ મેળવશો, તેથી હંમેશા મનમાં બીજા પ્રત્યે સારી ભાવના રાખવી જોઈએ.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 3 | | 2 | | | 7 | 4 | |
| | 2 | 5 | | 1 | | | | |
| 4 | 8 | | | 6 | | | 5 | |
| | | | 7 | 8 | | 2 | 1 | |
| 5 | | | | 9 | | 3 | 7 | |
| 9 | | | | 3 | | | | 5 |
| | 4 | | | | 6 | 8 | 9 | |
| | 5 | 3 | | | 1 | 4 | | |
| 6 | | | | | | | | |

બાજુમાં નવ નવનું ચોરસ છે. તેના દરેક ૩ ૩ના બોક્સમાં તમારે ૧થી ૯ના આંકડા ભરવાના છે. એક પણ આંકડો રિપીટ ન થવો જોઈએ. એ જ રીતે ચોરસની દરેક આડી અને ઊભી લાઇનનાં નવ ખાનામાં પણ ૧થી ૯ના આંકડા ભરવાના છે, આંકડો રિપીટ કર્યા વગર. જે ૩ ૩ના બોક્સમાં સૌથી ઓછાં ખાલી ખાના હોય ત્યાંથી ભરવાનું શરૂ કરો. આ રમતનો માત્ર એક જ ઉકેલ છે. આજની રમતનો જવાબ નીચે આપેલો છે. તો તૈયાર છો ને?

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 3 | 6 | 2 | 5 | 9 | 7 | 4 | 8 |
| 7 | 2 | 5 | 4 | 1 | 8 | 9 | 3 | 6 |
| 4 | 8 | 9 | 3 | 6 | 7 | 1 | 5 | 2 |
| 3 | 6 | 4 | 7 | 8 | 5 | 2 | 1 | 9 |
| 5 | 1 | 8 | 6 | 9 | 2 | 3 | 7 | 4 |
| 9 | 7 | 2 | 1 | 3 | 4 | 6 | 8 | 5 |
| 2 | 4 | 1 | 5 | 7 | 6 | 8 | 9 | 3 |
| 8 | 5 | 3 | 9 | 2 | 1 | 4 | 6 | 7 |
| 6 | 9 | 7 | 8 | 4 | 3 | 5 | 2 | 1 |

સુડોકુ જવાબ

## રંગ પૂરણી

**ધોરણ ૧ થી ૪ સુધીના જ વિદ્યાર્થીઓએ ચિત્રમાં રંગ પૂરી અમને ૨૫-૦૧-૨૦૧૬ સુધીમાં નીચેના સરનામે મોકલી આપશો.**

ધી ઓપન પેજ, ૪થો માળ, વિશ્વ આર્કેડ, અખબારનગર પાસે, નવાવાડજ, અમદાવાદ-૧૩

**શ્રેષ્ઠ રંગ પૂરણીને ભેટ**

નામ:______________________________

સ્કૂલનું નામ:______________________________

ધોરણ:______________ મો.નં.:______________

ફોટો





૨૦૧૬ના પ્રારંભ પૂર્વે હું આશા રાખું છું કે આવનારું આ વર્ષ મારા માટે ખૂબ લાભદાયી નિવડે. મારી જે જે મહેચ્છાઓ છે તે બધી આ વર્ષમાં પૂર્ણ થાય. ૨૦૧૬માં મારું ૯માં ધોરણનું રિઝલ્ટ ખૂબ ખૂબ સારું આવે. અને સારા ટકા મેળવી હું ધોરણ ૧૦માં પ્રવેશ કરું તેવી મારી ઇચ્છા છે. મારી ઇચ્છા છે કે જે હું મારા જીવનમાં નથી કરી શક્યો તે હું આવનારા વર્ષમાં કરું. આવનારા વર્ષમાં હું ગાંધીનગર પણ જવાનો છું. વકૃતત્વ સ્પર્ધા માટે મારી ઇચ્છા છે કે ત્યાં હું મારી બોલવાની વાકછટાનો સારો દેખાવ કરું. અને પ્રથમ નંબર લઇ વિજેતા બનું. અને હા મારા માતા પિતાની એક ઇચ્છા છે કે હું ધોરણ ૧૦માં ૯૯.૯૯ લઇ આવું તો હું આશા રાખું છું કે આવનારું આ વર્ષ મારી પ્રગતિ માટે ખૂબ ફળદાયી રહે. એ જ મારી ઇચ્છા છે.

**-ગર પ્રદ્યુમન, ધો.- ૯-બી**



૨૦૧૬નું વર્ષ શરૂ થવાનું છે અને ૨૦૧૬ની મારી ઇચ્છા છે કે અત્યારે હું નવમાં ધોરણમાં અભ્યાસ કરું છું અને ૨૦૧૬માં હું ધોરણ દસમાં પ્રવેશ કરીશ. આ સાથેની મારી ઇચ્છા છે કે હું દસમાં ધોરણમાં પૂરે પૂરો પ્રયતન કરીશ, અને પરીક્ષામાં સારા માર્કસ સાથે પાસ થઉં, દસમાં ધોરણમાં પ્રવેશ કરીને જિંદગીનો એક સરળ રસ્તો બનાવી શકું. ધોરણ દસમાં વાંચવાનું, ભણવાનું, પરીક્ષા આપવી. આ બધી જ પ્રવૃતિમાં પૂરે પૂરો પ્રયત્ન કરીશ. દસમાં ધોરણમાં આવીને આગળના અભ્યાસ માટેનો વિચાર કોમર્સ, સાયન્સ, આર્ટસ આ બધી પ્રક્રિયા અને આની સાથે જીવનની બીજી પ્રવૃતિઓ પણ હું ધ્યાનમાં ન લેતા મારા દસમાં ધોરણમાં સારા માર્કસ મેળવવાની ઇચ્છા પૂર્ણ થાય. બસ આ મારી આવનારા નવાવર્ષની ઇચ્છા છે.

**-ગોહેલ દેવ્યાની જે. ધો. ૯-સી**



હું દસમાં ધોરણમાં ભણું છું. હું દસમાં ધોરણની બોર્ડની પરીક્ષા માટે ૨૦૧૬ની શુરૂઆતથી જ વાંચનમાં ધ્યાન આપીશ. બોર્ડની પરીક્ષામાં સારા માર્કસ લેવાની બનતી કોશિશ કરીશ. હું દરેક વિષયને પ્રાધાન્ય આપીશ. હું સ્કૂલ ફર્સ્ટ આવવાનો પ્રયત્ન કરીશ. વેકેશન દરમ્યાન હું મારા મમ્મીને ઘરકામમાં મદદ કરીશ. હું થોડી ઘણી રસોઇ બનાવવાનું શીખીશ. હું મારા મમ્મી પપ્પા અને મારા ભાઇ બહેન સાથે મુંબઇ ફરવા જઇશ. જો સમય મળશે તો કોમ્પ્યુટર અને ઇંગ્લીશના ક્લાસમાં જઇશ.
દસમાં ધોરણમાં જો સારા માર્કસ આવશે તો હું ધોરણ અગિયાર-બાર સાયન્સ પ્રવાહમાં કરીશ. મને સાયન્સ પ્રવાહમાં જોડાવાનો ખૂબ જ શોખ છે. તેની સાથે- સાથે UPSC અને GPSC જેવી કમ્પેટીટિવ પરીક્ષા આપવા માટે તૈયારી કરીશ. મારું સપનું IPS ઓફિસર બનવાનું છે.

**-પરમાર નિરાલી, ધો. ૧૦-સી**



૨૦૧૬ના પ્રારંભે હું આશા રાખું કે આવનારા વર્ષમાં મારી બધી જ ઇચ્છાઓ લાભદાયી નીવડે મારી બધી જ ઇચ્છાઓ ખૂબ સારી રીતે પૂર્ણ થાય. મારું આવનારું નવું વર્ષ આનંદ મંગલ નીવડે, ૯માં ધોરણનું રીઝલ્ટ ખૂબ જ સારું આવે. અને ધોરણ ૧૦માં પ્રવેશ કરું. આવનારા વર્ષમાં મારી બધી ઇચ્છા સફળ થાય. મારા માતા - પિતાની ઇચ્છા પણ પૂર્ણ થાય. આવનારા વર્ષમાં આમારી શાળામાં રમત મહોત્સવ પણ છે. તેમાં હું ભાગ લઉં અને મારો નંબર આવે. મારા માતા-પિતાની ઇચ્છા એ છે કે ધોરણ ૧૦માં હું ખૂબજ મહેનત કરી સારા માર્કસ આવે. અને મારા માતા-પિતાનું નામ રોશન કરું. આમ મારી બધી જ ઇચ્છા ખૂબ જ ફળદાયી બને. આ મારું વર્ષ એ ખૂબ જ ઉપયોગી બને.

**-પરમાર રાહુલ એલ, ધો. ૯-બી**

# રોઝરી સ્કુલના વિદ્યાર્થીઓ દ્વારા આવનારું વર્ષ કેવું રહે તે વિષય પર બાળકોએ તેમનો પ્રતિભાવ આપ્યો હતો



૨૦૧૬નું વર્ષ મારા માટે ઘણું અગત્ય ધરાવે છે. કારણ કે... ૨૦૧૬ના માર્ચ મહિનામાં આમારા ૧૦માં ધોરણની બોર્ડની પરીક્ષા આવશે. આ પરીક્ષામાં સારાં ટકાથી પાસ થવા માટે હુ ખૂબ જ મહેનત કરીશ. વર્ષ ૨૦૧૬ને હું મારા જીવનનો અગત્યનો ભાગ બનાવીશ. આ વર્ષથી જ અમારૂ ભવિષ્ય નક્કી થવાનું છે. બોર્ડની પરિક્ષાના પેપરો સારા જાય તેવી હું ભગવાનને પ્રર્થના કરીશ. આ વર્ષ દસમાંનુ વર્ષ હોવાથી સમયના અભાવે મમ્મીને કંઇ મદદ પણ કરી ન હતી. એટલે હું મદદ કરીશ. હું મારા જીવનને નિયમિત બનાવીશ.
આ વર્ષમાં વધારે ટેન્સન હોવાથી પરીક્ષા પૂરી થયા બાદ હું મારા પરિવાર સાથે હિલ સ્ટેશન સાપુતારામાં ફરવા જઇશ. આ પ્રવાસમાં હું ખૂબ આનંદ કરીશ.
ફરીને પાછા ફર્યા બાદ હું સમય ન વેડફતાં હું પુસ્તકો વાંચવાનું પસંદ કરીશ. પુસ્તકો વાંચવી મારો શોખ છે. નવી નવી પુસ્તકો વાંચીને મારા જ્ઞાનમાં હું વધારો કરવો ઇચ્છું છું. હું અંગ્રેજી અને કમ્પ્યુટરને વધારે શીખવા માગું છું. જેથી કરીને આપણામાં એક નવું જ્ઞાન આવે છે. ભારત દેશ આ વર્ષે ખૂબ પ્રગતિ કરે તેવી મારી શુભેચ્છાઓ.

**-ઘેરવડા માનસી. વી., ધો.- ૧૦**



૨૦૧૬ની મારી ઇચ્છા એ છે કે હું અત્યારે નવમાં ધોરણમાં અભ્યાસ કરું છું. અમારી પરિક્ષા હમણા આવવાની છે. અને તેના પછી હું દસમાં ધોરણમાં આવીશ. દસમું ધોરણ એટલે કે બોર્ડ. આપણી જિંદગીનું મહત્વનું પાસું. દસમાં ધોરણમાં સારા માર્કસ આવે તો આપણી જિદંગી ફળી ગણાય ૨૦૧૬ની મારી ઇચ્છા એ છે કે નવમાં ધોરણમાં સારા માર્કસ અને સારી ટકાવારી આવે અને દસમાં ધોરણમાં સારા માર્કસ સાથે ૯૫ ટકા ઉપર આવે. ધોરણ દસમાં સારા માર્કસ લાવવા માટે ખૂબ જ મહેનત કરવી પડે. દસમાં ધોરણમાં ૯૫ ટકા ઉપર ટકાવારી લાવવા માટે ખૂબ જ મહેનત કરવી પડે. હું મહેનત કરીશ. અને સારા માર્કસ લાવીશ. અને મારા માતા પિતાનું સપનું હું પુરૂ કરીશ.

**-સહાની શિતલ. એસ. વી., ધો. ૯ સી**



૨૦૧૬ની શરૂઆત વિશ્વના બધાજ લોકો માટે સુખદમય બને અને બધાના જીવનમાં સુખ અને શાંતી આવે મારી ઇચ્છા છે. ૨૦૧૬ની મારી ઇચ્છા એજ છે કે મારૂ ૯માં ધોરણનું વર્ષ ખુબજ સારું જાય અને મારું આવતું વર્ષ જે ૧૦માંનુ છે. તે સફળ જાય અને સારા ટકાએ પાસ થઉં. અને ૧૦માં ધોરણના વર્ષમાં જેટલી સ્પોર્ટસની એકટીવીટી આવે તેમાં ભાગ લઇ અને તેમાં મારો નંબર આવે અને મારું અને મારા માતા-પિતાનું નામ રોશન થાય. અને દશમાં ધોરણના વર્ષ પછી એજ્યુકેશનની સારી લાઇન લઇશ. અને ત્યાર બાદ સારી નોકરી મેળવીશ અને મારા માતા પિતાનું નામ રોશન કરીશ એવી મારી ઇચ્છા છે.

**-પાણખણીયા અભય કે.. વી., ધો. ૯-બી**



હાલમાં તો હું દસમાં ધોરણમાં અભ્યાસ કરું છું. હું અત્યારે તો વધારે પરિણામને ધ્યાન આપીશ. મારા વિષયોને પ્રધાન્ય આપીશ. હું સખત બે મહિના મહેનત કરીશ. ૨૦૧૬નું નવું વર્ષ સારુ રહે તે માટે મારે દસમાં ધોરણમાં વધારે મહેનત કરવી પડશે. આફ્ટર પરિક્ષા હું ડો. આઇ કે વીજળી વાળાની બુક વાચીશ. કારણ કે મારા ગુજરાતીના શિક્ષક વારં વારં તેની વાતો કરે છે. ધોરણ ૧૦ પાસ કરીને કોર્મસ કરીશ. ઘરમાં મારા મમ્મીને કામમાં મદદ કરીશ. મારા મમ્મી-પપ્પાને ગૃહ ઉદ્યોગમાં ખૂબ મદદ કરીશ. વેકેશનમાં મારા પરિવાર સાથે ફરવા જઇશ જો ધોરણ ૧૦ની પરીક્ષામાં મારે ૮૦ ટકા ઉપર આવશે તો હું મારા પરિવાર સાથે ખૂબ જ મોજ-મજાથી પાર્ટી કરીશ ને મજા કરીશ, અને બે મહિનાનું વેકેશન માણવા ફરવા જવાનો પ્લાન બનાવ્યો છે.

**-રાજાણી કાજલ, વી., ધો. ૧૦ સી**



૨૦૧૫ પુરું થવામાં આવ્યું છે અને ૨૦૧૬નું આગમ થશે. આજે હું તમને જણાવીશ કે મારી ૨૦૧૬ની ઇચ્છા શું છે? ૨૦૧૬માં હું દસમાં ધોરણમાં અભ્યાસ કરતી હઇશ. તેથી મારી ઇચ્છા છે કે બોર્ડની પરિક્ષામાં હું સારા માર્કથી પાસ થઉં. અને આ ઇચ્છાને પૂર્ણ કરવા હું અત્યારથી જ મહેનત કરું છું. અને સારા માર્કસથી પાસ થઇ મારા માતા પિતાનું સપનું પુરું કરીશ. ધોરણ દસમાં સારા માર્કસ મેળવીને વિજ્ઞાન પ્રવાહમાં જઇ ડોકટર બનું અને મારી બીજી ઇચ્છા છે કે ૨૦૧૫ની જેમ જ ૨૦૧૬ પણ સુખમય અને આનંદમય વીતે.

**સેહુઆ રૈના આર. વી., ધો. ૧૦ સી**



૨૦૧૬નું વર્ષ પ્રારંભ થઇ રહ્યું છે. એટલે પહેલા તો તમને ૨૦૧૬નું વર્ષ તમારી અને મારી માટે ખૂબ લાભદાયક રહે. ૨૦૧૬માં મારે નવમાં ધોરણનું રિઝલ્ટ ખૂબ જ સારુ આવે અને મારે દશમાં ધોરણની શરૂઆત થઇ છે. એટલે દશમાં ધોરણનું રિઝલ્ટ મારા માટે ખૂબ જ સારું આવે તેવી હું આશા રાખું છું. ૨૦૧૬માં માટે દશમાંનું રીઝલ્ટ ખૂબ જ સારું લઇ આવતું છે. એટલે કે મારે દશમાં માટે ખૂબ જ  મહેનત કરીને, અભ્યાસમાં ધ્યાન આપીને દશમાનું રિઝલ્ટ સારું લઇ આવીસ અને હું મારા માતા-પિતાનું નામ રોશન કરીશ. અને હું દશમુ પાસ કરીને તેનાથી સારા વધારે ટકા હું અગિયારમાં ધોરણમાં લઇને આવીશ એવી મારી આશા છે. હું પછી ત્યાથી વધુ અભ્યાસ કરી ને આગળ વધીસ ને હું મારા ભારત દેશનું નામ રોશન કરીશ.

**-મકવાળા જૈત્ર. વી. વી., ધો. ૯-બી**



હું દસમાં ધોરણમાં અભ્યાસ કરું છું. તે ધોરણમાં હું ખુબ જ મહેનત કરીને આગળ વધવા માંગુ છું. હવે તો અમારી પરીક્ષા નજીક આવી રહી છે. તો હું અત્યારે ખુબ જ મહેનત કરું છું અને તે પરીક્ષામાં હું ખૂબ જ મહેનત કરીને ૭૦ ટકા ઉપર પરિણામ લઇ આવવા માંગુ છું. અને મારા માતા પિતાનું નામ રોશન કરવા માંગુ છું. અને પછી તે જ્ઞાન મેળવી આગળ બધી બુક વાંચવા માંગુ છું. ૨૦૧૬માં હું જ્ઞાન લેવા ઇચ્છું છું. પછી વેકેશન પડે ત્યારે મારે મારી મમ્મીને રસોઇમાં મદદ કરાવીશ અને પછી ક્યારેક તો એવું થાશે કે હું રસોઇ કરતી હોઇશ અને મારી મમ્મી બેઠી હશે. તે જોઇને મારી મમ્મીને ખૂબ જ આનંદ થશે કે મારી દિકરી હવે માટી થઇ ગઇ. અને હવે મને ચિંતા નથી ત્યારે મારી મમ્મી ખૂબ જ રાજી થશે કે તે જોઇને મને પણ ખૂબ જ આનંદ થશે કે હવે મારી મમ્મીને શાંતિ થઇ ગઇ. હું આગળ ડ્રોઇંગના કલાસ કરીશ પછી હું ચિત્રકલાની દુનિયામાં જઇશ. તે મારુ સપનું છે. તેથી હું ડ્રોઇંગના કલાસ ઘરે કરાવીશ. કલાસ કરાવીશ અને કમાણી કરીશ. તે જોઇને મારા મમ્મી-પપ્પા ખૂબ જ રાજી થશે. આજ રીતે હું મારા માતા-પિતાનું નામ રોશન કરીશ. અને ૨૦૧૬ની શરૂઆત આનંદમય અને શુખ શાંતિ આપે, અને નવું વર્ષ હું આ રીતે ઉજવવા માગું છું.

**-રાજપરા પૂર્વી. વી. વી., ધો. ૧૦ સી**



મારું નામ નડિયાપરા હેમાંગી છે. હું અત્યારે દસમાં ધોરણમાં અભ્યાસ કરું છું માટે ૨૦૧૬નું વર્ષ શરૂ થશે ત્યારે મારી દસમાં ધોરણની પરીક્ષાની તૈયારીમાં હોઇશ. મને બોર્ડમાં ૯૯.૯૯ ટકા આવે એવી મારી પરીક્ષાની તૈયારી છે. પરીક્ષા પૂર્ણ થયા બાદ વેકેશનમાં હું કિંમતી સમયને વેડફી નાખવા નથી ઇચ્છતી. વેકેશન પડતાં જ હું મારા પરીવાર સાથે મુંબઇ મારા માસીને ઘેર જવાની છુ ત્યાં અમે એક અઠવાડીયાનો સમય પસાર કરવાના છીએ. ત્યાથી આવીને હું કોમ્પ્યુટરના કલાસીસ કરવાની છું અને દિવસ દરમિયાન વધતા થોડા સમયમાં હું મારા મનગમતા લેખકના પુસ્તકોનું વાંચન કરીશ. કોમ્પ્યુટરનો કોર્સ પૂર્ણ થયા પછી હુ અગિયારમાં ધોરણમાં સાયન્સ રાખવાની છું. તે માટે તેના પુસ્તકો ખરીદીને તેનું વાંચન કરીશ અને અગિયાર સાયન્સની તૈયારી કરીશ. બાકી થોડો સમય રહેશે તેમાં મારા મમ્મીની મદદ કરીશ. ભવિષ્યમાં મારી IPS બનવાની ઇચ્છા છે તે માટે ભણવાની સાથે- સાથે હું તેની પણ તૈયારી કરવા લાગીશ મારી આશા છે કે હું ગ્રેજ્યુએશન પૂર્ણ કરુ ત્યારે હુ IPSની પરીક્ષા આપવા પૂર્ણતઃ યોગ્ય થઇ જાવ. ૨૦૧૬ના નાવા વર્ષના શુંભારંભથી હું મારા જીવનના લક્ષ્ય સુધી પહોંચવાની તૈયારીમાં લાગી જઇશ.

**-નડિયાપરા હેમાંગી વિ. વી., ધો. ૧૦-સી**

# ‘ઘણામાંથી થોડું પસંદ કરવું અને થોડામાંથી શ્રેષ્ઠ તારવવું’ એ બહુ કપરું કામ છે: ભારતીબેન ગોહેલ

‘ધી ઓપન પેજ’ તરફથી તા. ૧૯-૧૨-૨૦૧૫ના દિવસે યોજેલ એવોર્ડઝ વિતરણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું થયું અને વંદનીય રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલી સાહેબના વરહ હસ્તે મને ‘બેસ્ટ પ્રિન્સિપાલ ઓફ ધી યર’નો એલિમેન્ટરી એવોર્ડ પ્રાપ્ત થયો. આ તક આપવા બદલ આપ સૌનો આભાર માનું છું અને અત્યંત આભારની લાગણી અનુભવું છું.

ગાંધીબાપુએ કહેલું કે, ‘કેળવણી એટલે બાળકોમાં રહેલા ઉત્તમ અંશોને શોધીને બહાર લાવવા’ જ્યારે આપના દ્વારા તો કેળવણીનું કાર્ય કરી રહેલા શિક્ષકો-આચાર્યોના ઉત્તમ અંશોને બહાર લાવી તેને સન્માનવાનું પવિત્રકાર્ય કરવામાં આવ્યું છે. મારી દૃષ્ટિએ આ એક યજ્ઞરૂપ કાર્ય છે. આ યજ્ઞમાં મને પણ સહભાગી થવાની તક મળી તેથી વિશેષ આનંદ અનુભવું છું.

‘ઘણામાંથી થોડું પસંદ કરવું અને થોડામાંથી શ્રેષ્ઠ તારવવું’ એ બહુ કપરું કામ છે. આપની પસંદગી સમિતિના મહાનુભાવો દ્વારા આ કાર્ય બહુ જ હૃદયપૂર્વક, બારીકાઇથી અવલોકન કરીને તટસ્થતાપૂર્વક કરવામાં આવ્યું છે. તમામને હૃદયપૂર્વક વંદન કરું છું.

જય ઈન્ટરનેશનલ સ્કૂલ તથા ગાંડી વિદ્યાપીઠનું તમામ આયોજન વ્યવસ્થા ઉત્કૃષ્ટ રહ્યું તેઓને ધન્યવાદ. આપ સૌની લાગણી, સ્નેહ, સહકાર હંમેશા યાદ રહેશે. મારા પરિવારવતી, સંસ્થાવતી આભાર વ્યક્ત કરું છું અને આપની સંસ્થા ખૂબ ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છા વ્યક્ત કરું છું.

શ્રી અર્ચિતભાઇ ભટ્ટના માર્ગદર્શનથી તૈયાર થતું ‘ધી ઓપન પેજ’ શૈક્ષણિક સામાયિક ખરા અર્થમાં વિદ્યાર્થીઓને પોતાનું લાગે તેવું જ છે. આપને અભિનંદન.

બાલ સાહિત્ય સર્જનનો શોખ હોવાથી આ સામયિક સાથે જોડાવાની તક મળશે તો ધન્યતા અનુભવીશ. ફરી તમામ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરું છું.



ભારતીબેન બી. ગોહિલ

Printed and published by ARCHIT LABUBHAI BHATT on behalf of TRIPADA EDUCATION TRUST and Printed at Divya Bhaskar Print Plant, plot No. 148, Po. Vasna-Chachravadi, B/h. L&T Plant, Bavla-Changdor Road, Dist: Ahmedabad-382210 and published from TRIPADA EDUCATION TRUST Madhuvrund Society, Ranna Park, Ghatlodia, Ahmedabad. ● Editor- ARCHIT LABUBHAI BHATT